


અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૧૭-૦૭-૨૦૨૪ બુધવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP
ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ
૬૪,૫૯૦/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૧૫-૦૭-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ અષાઢ સુદ ૧૧ વર્ષ : ૨૮ અંક ૨૮૮

## આસુરાનાં પર્વ મહોરમની જિલ્લાભરમાં શોકભેર ઉજવણી કરાશે

# અમરેલી જિલ્લામાં આજે આસુરાનાં પર્વની ઉજવણી

**આજે તાજીયાનાં ઝુલુસ નિકળશે : મસ્જીદોમાં વિશેષ નમાઝ સાથે દુઆ કરાશે : કબ્રસ્તાનમાં શ્રાધ તર્પણનાં અનેક કાર્યક્રમો સાથે કરબલાનાં શહિદોને શ્રધ્ધાંજલી**

**અમરેલી શહેર અને જિલ્લાભરમાં ઠેર ઠેર ઝુલુસો, છબીલ સહિતનાં કાર્યક્રમોનું આયોજન : શાંતિ પુર્વક તહેવાર ઉજવાય તે માટે કડક પોલીસ બંદોબસ્ત**





અમરેલી, અમરેલી શહેર અને જિલ્લામાં ઈસ્લામ ધર્મનાં મહાન અંતિમ પયગંબર હઝરત મુહમદ સાહેબનાં દોહિત્રહઝરતઈમામહુસૈનેપોતાનાં૭૨ સાથીદારોસાથેઈરાકનાંરેતાળપ્રદેશમાં કરબલામાં ભવ્ય યુધ્ધ ખેલી શહીદી (અનુસંધાન પાના નં.૭)

## જિલ્લા પંચાયતની ૩૪ સીટવાઇઝ ગામોમાં થયેલ આયોજન

# સાંસદશ્રી ભરત સુતરીયાના વરદ હસ્તે લાઠીના મતિરાળામાં સર્વરોગ નિદાન કેમ્પનું ઉદ્દઘાટન થયું

**કેમ્પોમાં ૭ હજાર કરતાં વધુ લાભાર્થીઓને લાભ મળ્યો : આર્યુવેદ દવા અને ઉકાળાનું પણ વિતરણ કરાયું**



અમરેલી,

ગુજરાત રાજયમાં પ્રથમ વખત અમરેલી જિલ્લા પંચાયતની કુલ-૩૪ સીટ વાઈઝ ગામોમાં તા. ના રોજ 'સર્વ રોગ નિદાન કેમ્પ' નું આયોજ કરવામાં આવેલ હતુ.જે અંતર્ગત અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મતિરાળા ગામે તા.૧૫/૦૭/૨૦૨૪ના રોજ સવારના ૯-૦૦ કલાકે 'સર્વ રોગ નિદાન કેમ્પનું ઉદઘાટન અમરેલી જિલ્લાના સાંસદશ્રી ભરતભાઈ સુતરીયા ના વરદ હસ્તે કરવામાં આવ્યુ.આ તકે જિલ્લા વિકાસ અધિકારીશ્રી પી.બી.પંડયા ઉપસ્થિત રહેલ.તેમજ સમગ્ર જિલલામાં પંચાયત સીટ વાઈઝના ગામોમાં જે તે વિસ્તારના ધારાસભ્યશ્રી,જિલ્લા પંચાયત અમરેલીના ચેરમેનશ્રી તથા સદસ્યશ્રીઓ ઉપસ્થિત રહેલ.

અમરેલી જિલ્લાની સીટ

(અનુસંધાન પાના નં.૭)

## નગરપાલિકા ઉપર થતાં ભ્રષ્ટાચારનાં આક્ષેપો સાબિત થાય તો જાહેર જીવન છોડી દઈશ : પ્રમુખ

# સફાઇમાં બેદરકારી દાખવનાર એજન્સીને પોણા બે લાખનો દંડ ફટકારતી અમરેલી નગરપાલિકા

**આરોગ્ય કર્મચારીની બદલી : જો એજન્સી નહીં સુધરે તો કરાર રદ્દ કરાશે : પ્રમુખશ્રી લીંબાણી**



અમરેલી,

નગરપાલિકાનાં પ્રમુખશ્રી બિપીનભાઈ લીંબાણીની યાદીમાં જણાવ્યાં મુજબ અમરેલી નગરપાલિકા દ્વારા શહેરની સ્વચ્છતા અંગે ઓનલાઈન ટેન્ડર પ્રક્રિયાથી નિયમાનુસાર વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો, જેમાં દર માસે એજન્સી દ્વારા મુકવામાં આવતાં બીલમાં કપાતો કરી ચુકવણું કરવામાં આવે છે, જે ચુકવણાની રકમમાં મિડીયામાં ખોટો આંકડો દર્શાવવામાં આવે છે. મિડીયામાં દર માસે સફાઈ રૂ઼ા.૧.૫ કરોડ દર્શાવવામાં આવે છે, જે ખરેખર આરોગ્ય

(અનુસંધાન પાના નં.૭)






















## પ્રાંતિજમાં ઉમા ક્રેડિટ કો-ઓપરેટીવ સોસાયટી લિ.ની નૂતન બ્રાન્ચનું વિવિધ મહાનુભાવોની ઉપસ્થિતિમાં ઉદ્‌ઘાટન

# પ્રાંતિજમાં શ્રી ઉમા ક્રેડીટ સોસાયટીનું ઉદઘાટન કરતા શ્રી રૂપાલા

**બેન્કિંગ ક્ષેત્રે આ સંસ્થા દ્વારા થઈ રહેલ ઉત્તમ કામ અને લોકોની સેવા રાજ્યની આર્થિક વ્યવસ્થાને મજબૂત બનાવવામાં સહાયક સાબિત થશે તેવો દ્રઢ વિશ્વાસ છે : શ્રી રૂપાલા**

**સાબરકાંઠાના પ્રાંતિજ ખાતે વિવિધ મહાનુભાવોની ઉપસ્થિતિમાં ઉદ્‌ઘાટન કરીને સોસાયટીના સર્વે સભ્યો અને હોદ્દેદારોને શુભકામનાઓ પાઠવતા રાજકોટના સાંસદ શ્રી પરશોત્તમ રૂપાલા**












અમરેલી,(ફીલ્ડ રિપોર્ટર)સાબરકાંઠાના પ્રાંતિજ ખાતે ઉમા ક્રેડિટ કો-ઓપરેટીવ સોસાયટી લિ.ની નૂતન બ્રાન્ચનું રાજકોટના સાંસદ અને પુર્વ કેન્દ્રીય મંત્રી શ્રી પરશોત્તમ રૂપાલાએ ઉદઘાટન કર્યુ હતુ. સાબરકાંઠાના પ્રાંતિજમાં વિસ્તરેલ અમરેલીના ગૌરવ સમી ઉમા ક્રેડિટ કો-ઓપરેટીવ સોસાયટી લિ.ની નૂતન બ્રાન્ચનું વિવિધ મહાનુભાવો ની ઉપસ્થિતિમાં ઉદ્‌ઘાટન કરીને શ્રી રૂપાલાએ સર્વે સભ્યો અને હોદ્દેદારોને શુભકામનાઓ પાઠવી હતી તેમણે બેન્કિંગ ક્ષેત્રે આ સંસ્થા દ્વારા થઈ રહેલ ઉત્તમ કામ અને લોકોની સેવા રાજયની આર્થિક વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવામાં સહાયક સાબિત થશે તેવો દ્રઢ વિશ્વાસ છે તેમ જણાવ્યું હતુ.

## ગુજરાત રાજયમાં વરસાદની ચાર સિસ્ટમ સક્રીય બનતા

# અમરેલી જીલ્લાને ઓરેન્જ એલર્ટ જાહેર કરતું હવામાન વિભાગ

### જીલ્લામાં તા. ૧૫ થી ૨૦ જુલાઈ સુધીમાં ભારે વરસાદ પડવાની હવામાન વિભાગની આગાહી

અમરેલી,ગુજરાત રાજયમાં હવામાન વિભાગ દ્વારા વરસાદની ચાર સિસ્ટમ સક્રીય બનતા અમરેલી જીલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અને તા.૧૫ થી તા. ૨૦ જુલાઈ સુધીમાં હવામાન વિભાગની ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. જેના પગલે અમરેલી શહેર અને જીલ્લામાં ગત તા. ૧૫ -૭ સોમવારના સાંજના જીલ્લાભરમાં હળવાભારે સાર્વત્રિક વરસાદ પડયો હતો. સારા વરસાદના કારણે જીલ્લાભરમાં ખેતીપાકોને ફાયદો થશે. અમરેલી જીલ્લાના લીલીયા શહેરમાં સાંબેલાધારે

### ગત સાંજે જીલ્લામાં હળવાભારે ઝાપટાથી ચાર ઈંચ જેવો ધોધમાર વરસાદ પડયો

૪ ઈંચ વરસાદ પડી જતા નદી નાળાઓ વહેતા થયા હતા. અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. લીલીયા પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં પણ સારો વરસાદ પડી જવાના કારણે જગતના તાતમાં ખુશી વ્યાપી છે. સાવરકુંડલા શહેરમાં ૩ ઈંચ જેવો ધોધમાર વરસાદ પડતા નાવલી નદીમાં નીર વહેતા થયા હતા. તેમજ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. સાવરકુંડલા પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં પણ સારો વરસાદ પડયાના વાવડ મળી રહયા છે. અમરેલી શહેરમાં ગત સાંજે ધોધમાર અઢી ઈંચ વરસાદ પડી જતા રસ્તાઓ ઉપર પાણી વહેતા થયા હતા. અને

### લીલીયામાં ૪ ઈંચ, સાવરકુંડલા ૩ ઈંચ, અમરેલી અઢી ઈંચ, જાફરાબાદ સવા ઈંચ વરસાદ થયો

શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા.ધોધમાર વરસાદના કારણે શહેરના વેપારીઓએ પણ પોતાના ધંધારોજગાર વહેલા આટોપીને ઘરે જતા રહયા હતા. જાફરાબાદ શહેરમાં પણ સવા ઈંચ જેવો વરસાદ પડી ગયો હતો. જયારે બગસરા અને ધારીમાં પણ પોણો ઈંચ જેવો વરસાદ પડયો હતો.જયારે ખાંભા અને રાજુલામાં અડધો ઈંચ વરસાદ પડયો હતો. તેમજ વડિયા અને બાબરામાં પણ હળવો વરસાદ પડયો હતો.અમરેલી ફલડ કંટ્રોલ રૂમમાં નોંધાયેલ વરસાદમાં વડિયા ૧૧ મીમી , બાબરા ૭ મીમી, લીલીયા ૯૨ મીમી, અમરેલી ૬૪ મીમી, બગસરા ૨૦ મીમી,

### જીલ્લામાં સાર્વત્રિક વરસાદથી ખેતીપાકોને ફાયદો : નદી નાળા ચેકડેમો વહેતા થયા

ધારી ૨૨ મીમી, સાવરકુંડલા ૭૬ મીમી, ખાંભા ૧૨ મીમી, જાફરાબાદ ૩૧ મીમી, રાજુલા ૧૩ મીમી વરસાદ નોંધાયો હતો.અમરેલી શહેરમાં ધોધમાર વરસાદ પડયા બાદ પણ દિવસના અસહય ઉકળાટ જોતા હજુ વધુ વરસાદની શકયતાઓ છે.

**લાઠી નગરસેવા સદન લાઠી, જિં.અમરેલી**

**જાહેર નિવિદા**

આથી લાઠી નગરપાલીકા લાઠી જિ.અમરેલીને મંજૂર થયેલ વિવિધ યોજનાકીય ગ્રાંન્ટ અંતર્ગત નીચે જણાવેલ કામો કરાવવા માટે સરકાર માન્ય રજીસ્ટર્ડ કોન્ટ્રાકટરો પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

કામનું નામ :-
(૧) લાઠી શહેરમાં અદ્યતન સુવિધા સાથે આઈકોનીક રોડ ડેવલોપમેન્ટ કરવાનું કામ તથા GVP ( Garbage Vulnerable point ) પોઈન્ટ – ૬ બનાવવાનું કામ.
(૨) લાઠી શહેરમાં STP પંપીંગ સ્ટેશન પર પંપીંગ મશીનરી સપ્લાય,ઈનસ્ટોલેશન કરવાનું કામ.
(૩)લાઠી શહેરમાં વિવિધ વિસ્તારમાં પેવીંગ બ્લોક રોડ બનાવવાનું કામ પેકેઝ – ૧૦

| | |
|---|---|
| અંદાજીત રૂા.લાખમાં (૧) ૫૪.૨૩ (૨) ૧૯.૩૯ (૩) ૪૭.૯૭ | મુદત- (૧) ૯ – માસ (૨) ૪ – માસ (૩) ૬ – માસ |
| ઈ.એમ.ડી – રૂા .:- (૧)૫૪૨૩૦ /-(૨) ૧૯૩૯૦/- (૩) ૪૭૯૭૦ /- | ટેન્ડર ફી રૂા .:- (૧) ૨૪૦૦/- (૨) ૯૦૦ /- (૩) ૧૫૦૦ /- |
| વેબ સાઈટનું નામ | www.nprocure.com |
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની શરૂ થવાની તારીખ | ૨૨/૦૭/૨૦૨૪ |
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ | ૦૫/૦૮/૨૦૨૪ |
| ટેન્ડર ફી,ઈ.એમ.ડી.તથા જરૂરી ડોકયુમેન્ટ પહોંચતા કરવાની તારીખ,સમય તથા સરનામું | ૧૨/૦૮/૨૦૨૪ ૧૬:૦૦ કલાક સુધી રજી.પોસ્ટ એડી.થી નગરપાલીકા લાઠી જી.અમરેલી |
| ટેન્ડર ખોલવાની તારીખ | ૧૩/૦૮/૨૦૨૪ |

(એન.ડી.વોરા)
ચીફ ઓફીસર
નગરપાલીકા લાઠી

(એમ.સી.રાજયગુરૂ )
વહીવટદાર
નગરપાલીકા લાઠી

(જિમાક/અમર/૧૦૮/૨૪

## અમરેલી તાલુકા ભાજપ પરિવાર દ્વારા

# અમરેલીમાં આજે સાંસદશ્રી સુતરીયાનું સન્માન કરાશે

**તાલુકા ભાજપના હોદેદારો, પદાધિકારીઓ કાર્યકરોની ઉપસ્થિતિઃ ભવ્ય સન્માન**

અમરેલી,

અમરેલી તાલુકા ભાજપ પરિવાર દ્વારા આજે તા.૧૭ને બુધવાર સવારે ૯-૩૦ કલાકે જિલ્લા ભાજપ કાર્યાલય અમરેલી ખાતે વિધાનસભાના નાયબ દંડક શ્રી કૌશિકભાઈ વેકરીયાની ઉપસ્થિતિમાં સાંસદશ્રી ભરતભાઈ સુતરીયાનું સન્માન કરાશે.તેમાં અમરેલી તાલુકાના સૌ હોદેદારો, પદાધિકારીઓ આગેવાનો કાર્યકરોની ઉપસ્થિત રહેવા અમરેલી તાલુકા ભાજપ દ્વારા જણાવાયું છે.

# રાજુલા જગાતનાકા પાસે દુકાન નજીક ગાળો બોલવાની ના પાડતા યુવાન ઉપર જીવલેણ હુમલો

**બે શખ્સોએ પાઇપ-છરી વડે જીવલેણ હુમલો કર્યાની ફરિયાદ**

અમરેલી,રાજુલા મહુવા જકાતનાકા જય શ્યામપાનનાં ગલ્લા પાસે તા.૧૫-૭નાં રાત્રીનાં ૯ વાગ્યે જીવરાજભાઈ બાબુભાઈ કોટીલા ઉ.વ.૩૦ને બે દિવસ પહેલા નરેશ કાતરીયાએ જીવરાજભાઈની દુકાને જઈ ગાળુ બોલતા ગાળુ બોલવાની ના પાડતા બોલાચાલી થતા મનદુઃખ રાખી જીવરાજભાઈ દુકાને હતા ત્યારે અનિલે છરી અને નરેશે લોખંડનો પાઈપ અને તલવાર લઈ ગાળો બોલી ઉશ્કેરાઈ જમણા ગાલે, કાને અને માથામાં છરી વડે ઈજા કરી પીઠમાં ડાબા પડખે જીવલેણ ઘા મારી નરેશે માથામાં પાઈપ મારી ઈજા કરી ઢીકાપાટુ વડે માર મારી ધમકી આપ્યાની રાજુલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા આ બનાવની તપાસ પીઆઈ આઈ જે ગીડા ચલાવી રહ્યાં છે.

**લાભમ્ લઈને આવે છે. પ્રાઈમ લોકેશનની પ્રોપર્ટી...**

| બંગલોઝ | પ્લોટ | ફ્લેટ | ખેતીની જમીન |
|---|---|---|---|
| 2 & 4 BHK કે.કે.પાર્ક | ગીરધરનગર પ્લોટ નં.૧૧, ૨૨, ૬૭, ૬૮ | 2 BHK શિવલીલા માણેકપરા | સલડી પહેલા દાડમાના પાટીયા પાસે ૨.૫ વિઘા જમીન |
| 3 & 5 BHK યોગીનગર | ૯.૩૫×૧૫, મીટર પ્રમુખસ્વામીનગર | 2 BHK આંગન ફ્લેટ | વાકીયા ગામના પાટીયા પહેલા વાવેતરવાળી ૧૦ વિઘા જમીન વેચવાની છે. |
| 2 & 3 BHK પ્રગતિનગર | ૯.૨૦×૧૩, મીટર ધરમનગર | 1 BHK વિશ્વાસ અને સનફ્લાવર | બગસરાના પાદરમાં ૫ થી ૧૪ વિઘા ફળદ્રુપ જમીન તાત્કાલીક વેચવાની છે. |
| 3&4 BHK ગંગાવિહાર | નારાયણનગર ૧૦×૧૫ મી. નો કોર્નર પ્લોટ | 2 BHK વાળા 3 ફ્લેટ ગોકુલધામ | ધારી રોડ ઉપર નેશનલ હાઈ-વે ટચ ૧।। વિઘા બિન ખેતીમાં ફેરવાયેલ જમીન વેચવાની છે. |
| 3&5 BHK અક્ષરપાર્ક | ૯.૫ વસા + ૮ વસા =૧૭ વસા ઔદ્યોગિક નેશનલ હાઈવે ટચ | 1 BHK સંકુલ સામે | |
| 3 BHK સંકુલ સામે, અમૃતધારા | શિવલીલામાં નાના મોટા પ્લોટ વસાના ૮.૫૦ લાખ | માણેકસ્થંભ 2 BHK ફ્લેટ | |
| 3&5 BHK સંકુલ સામે | | | |
| 2&3 BHK પ્રમુખસ્વામી | | | |
| 2&3 BHK ધરમનગર | | | |
| 2&3 BHK યોગીનગર | | | |

■ અમરેલી ગુણાતીતનગરમાં 1 BHK અને રિલાયન્સ પાછળ 2 BHK વેચવાનું છે.
■ ખેડૂત ખાતેદારનો દરજ્જો ચાલુ રાખવા માટે તદ્દન સસ્તી ૫ વિઘા જમીન.
■ નારાયણનગરમાં 2 BHK ફર્નિચર સાથે ઉત્તર દ્વાર / લોનેબલ મકાન ૧૭.૫૦ લાખ.
■ યોગીનગરમાં 3 BHK ઉગમણા બારનું રોડ નજીકનું લોનેબલ મકાન.

અમરેલીથી ૧૨ કિ.મી.નાં અંતરે શૈક્ષણિક હેતુ માટે બિન ખેતી થયેલ ૨.૫ વિઘા તમામ સુવિધા સાથે ૧ થી ૧૦ ધોરણની મંજુરીવાળી તૈયાર સ્કૂલ

વધુ વિગત માટે : લાભમ્ પ્રોપર્ટીઝ : 94289 70954 | (બપોરે ૨ થી ૩ દરમ્યાન ફોન કરવો નહી)

**શું તમને સાંભળવાની તકલીફ છે ?**
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
- કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

**અવતાર**
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

**૨૪ વર્ષથી વિશ્વાસપાત્ર સ્થળ**
Haier Inspired Living | VOLTAS | BLUE STAR | Rockwell | HI-FROST
■ સરળ હપ્તાની સુવિધા
■ એક્સચેન્જ ઓફર
■ કોપરપાઇપમાં પણ ઉપલબ્ધ
કંપની માન્ય ઓર્થો. ડીલર :
**તુલસી રેફ્રીજરેશન**
છુટક તેમજ હોલસેલ ખરીદવા માટે..
દુ. ૬/૭ - ઓપેરાહાઉસ, અવધ હોટેલ પાસે, અમરેલી
મો.૯૪૨૬૨ ૮૭૦૯૭

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૧૭-૦૭-૨૦૨૪ બુધવાર

# એક વરસ પછી પણ જાતિગત વૈમનસ્યના અંગારા હજુય કેમ ઠર્યા નથી..?

આપણા દેશમાં ક્રિકેટ રસિકો અને અંબાણીના લગ્ન સમારંભમાં રસ લેનારા લોકોનો કોઈ પાર નથી .બેગાની શાદી મે અબ્દુલ્લા દિવાના જેવી પરિસ્થિતિ છે. અનંત રાધિકાના લગ્ન અંગે જેટલી પ્રશંસા થાય છે એટલી જ ટીકા પણ થાય છે. પરંતુ શું થાય છે એની ન તો ટીકા થાય છે કે ન તો વખાણ થાય છે. ભારતનો કોઈ ભાગ હોય જ નહીં અને ક્યાંક પરદેશમાં જ બધી ઘટનાઓ બનતી હોય એમ અલિપ્ત રહીને ભારતીય પ્રજા અને ભારત સરકાર બંને મણિપુરને જોઈ રહ્યા છે. આજકાલ કરતા કરતા એક વર્ષ પસાર થઈ પરંતુ મણિપુરમાં હજુ અંગારા ઠર્યા નથી. સંખ્યાબંધ લોકોના જીવ જાય છે અને જાતિગત સંઘર્ષ દરરોજ નવું નવું રૂપ ધારણ કરે છે.

કદાચ એમ હોય કે મણિપુરની સમસ્યા ભારતીય પ્રજા સમજી શકે એમ નથી. લોકો માત્ર એટલું સમજે છે કે ત્યાં તોફાનો ચાલે છે. હકીકતમાં મણિપુરને શાંત કરવું એ હવે કે કેન્દ્ર સરકારના હાથની વાત રહી નથી. છેલ્લા બે મહિનામાં સંખ્યાબંધ નાગરિકોના મૃત્યુ થયા છે અને લાખો નાગરિકોએ સ્થળાંતર કરવું પડ્યું છે. પાટનગર ઈમ્ફાલની હાલત એક જમાનામાં આતંકવાદીઓથી ઘેરાયેલા જમ્મુ- કાશ્મીરની હતી તેવી થઈ ગઈ છે. પૂર્વ ભારતના મહત્ રાજ્યોમાં ચીની સરકારનો પરોક્ષ ઉપદ્રવ છે. પરંતુ મણિપુરમાં એવું નથી. નાગરિકો સંપૂર્ણ રીતે ભારત વર્ષને વરેલા છે.

અસ્ત્રશસ્ત્ર કે ધનધન્ય આપવાથી અહીંની પ્રજાને લોભાવવી શક્ય નથી. ભારતમાં જે કેટલીક બહુ જ પ્રાચીન આદિજાતિઓ છે એમાંની થોડી મણિપુરમાં વસે છે. મણિપુરમાં એક આદિજાતિ છે મૈતેઈ અને બીજી છે કુકી. મૈતેઈ અને કુકી વચ્ચેનો સંઘર્ષ મહાભારતકાળના કૌરવો અને પાંડવો જેવો છે. લઘુમતીમાં હતા અને કૌરવો બહુમતીમાં હતા. મણિપુરમાં મૈતેઈ પ્રજા લઘુમતીમાં છે પરંતુ વિધાનસભાની ૬૦બેઠકોમાંથી ૪૦બેઠકો મૈતેઈ કોમ્યુનિટીની છે. રાજ્યમાં ૭૦% વસ્તી કુકીની છે પરંતુ કુકીના ધારાસભ્યોની સંખ્યા માત્ર ૨૦ છે અને મૈતેઈની સંખ્યા ૪૦ ની છે.

એટલે જે લઘુમતીમાં છે તેની વિધાનસભામાં બહુમતી છે અને જેઓ બહુમતીમાં તેની વિધાનસભામાં લઘુમતી છે. આને કારણે બહુમતી કુકી પ્રજા એમ માને છે કે વિધાનસભામાં મૈતેઈની બહુમતી હોવાને કારણે હવે જે કાયદાઓ ઘડાશે તે અમારી વિરુદ્ધના હશે. થોડા સમય પહેલા મણિપુર હાઈકોર્ટે એક ચુકાદાના સંદર્ભમાં રાજ્ય સરકારને માર્ગદર્શન આપ્યું કે છેલ્લા દસ વર્ષથી મૈતેઈ પ્રજાને તેમના અધિકારો મળ્યા નથી, તો સરકારે બંધારણીય રીતે એના પર વિચારવું જોઈએ. હાઈકોર્ટે માત્ર આ ટકોર જ કરી હતી, કોઈ ચૂકાદો આપ્યો નથી.

પરંતુ એને કારણે કુકી સમુદાયે માની લીધું કે હવે અમારા અધિકારો મૈતેઈ લોકો છીનવી લેશે. ત્યારથી જે ચિનગારી શરૂ થઈ તેની આગ હજી સુધી કોઈ બુઝાવી શક્યું નથી. કેન્દ્રના ગૃહ ખાતાએ રાષ્ટ્રીય સુરક્ષા દળોના સંખ્યાબંધ પડાવો અને કુમક મણિપુર મોકલી છે, પરંતુ એનાથી શાંતિ સ્થાપી શકાઈ નથી. છેલ્લા બે મહિનાથી મણિપુર લગભગ બંધ જેવી સ્થિતિમાં છે. પ્રધાનોના નિવાસસ્થાનો પણ હવે સલામત નથી.

કુકી જનજાતિ તરફથી સર્વોચ્ચ અદાલતમાં કરવામાં આવેલી દલીલમાં એમ કહેવામાં આવ્યું છે કે આ તોફાનોમાં રાજ્ય સરકારનો હાથ અને તે એટલી હદ સુધી કે મૈતેઈ આંદોલનકારીઓને આ સરકાર ફંડ અને શસ્ત્રો પણ પૂરા પાડે છે. જો કે સર્વોચ્ચ અદાલતે કહ્યું કે કાયદો અને વ્યવસ્થા સંભાળવાની જવાબદારી ચૂંટાયેલી જે તે સરકારની છે. એ કામ અદાલતોનું નથી. તો પણ સર્વોચ્ચ અદાલતે જનજાતિઓના આંતરવિગ્રહ અંગેની રજૂઆતો સાંભળવાની બારી ખુલ્લી રાખી

રાજ્ય સરકારે હજુ સુધી મૈતેઈ અને કુકી આદિવાસી જૂથોના નેતાઓ વચ્ચે સંતલસ ગોઠવી નથી. જ્યાં સુધી પરમપરાગત પદ્ધતિથી એ લોકોની સંયુક્ત સભા નહીં યોજાય અને આદિવાસી નેતાઓ આ સમસ્યાના સમાધાન માટે આગળ નહીં આવે ત્યાં સુધી આનો કોઈ ઉકેલ આવે એમ નથી. મૈતેઈ સમુદાય છેલ્લા દસ વર્ષથી પોતાના અધિકારોથી છે. મણિપુરમાં પ્રકૃતિએ અણમોલ ખજાનો પાથરેલો છે.

જમીન ખૂબ જ ફળદ્રુપ છે. ચારે બાજુ જંગલો, પહાડો અને પૂરપાટ વહેતી બારમાસી નદીઓ છે. આમાંની મોટાભાગની ભૂમિ પર કુકી આદિવાસીઓનો કબજો છે. મૈઉઈ લોકોને ન્યાય આપવામાં આવે તો તેઓ આ જમીનોમાં અને આ પહાડોમાં ભાગ પડાવે એવી સંભાવના છે. મણિપુરના આ અનેક ઔષધિ ઓ થાય છે. કેટલાક વૃક્ષોમાંથી ઈમારતી લાકડું પણ મળે છે.

આ સળગતા પ્રશ્નને કારણે એકસો પચાસથી વધુ નિર્દોષ નાગરિકો વિવિધ સામુહિક હતકયાકાણ્ડનો ભોગ બન્યા છે અને હજારો ઘવાયા છે. દરરોજ અનેક પરિવારો પાડોશના વિવિધ રાજ્યોમાં આશ્રય લેવા લાગ્યા છે. સત્તા પર આરોહિત ભાજપ સરકાર સામેનો વિરોધ ઉગ્ર જાય છે. જો અહીં ભાજપ સરકાર સિવાયનું શાસન હોત તો કેન્દ્ર સરકારે ઘણા સમય પહેલા અહીં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરી દીધું હોત.રાજ્ય કે કેન્દ્ર એમ કોઈની પાસે અત્યારે સમાધાનની કોઈ ફોર્મ્યુલા નથી. મૈતેઈ સમુદાય ખુદ હવે કુકીએ શરૂ કરેલા તોફાનોને પોતાના હક માટેના આંદોલનમાં રૂપાંતરિત કરીને એને આગળ છે. કુકીની ચિંતાનો વિષય એ છે કે મૈતેઈને ક્યાંક ન્યાય ન મળી જાય. એમ આ આગ બન્ને તરફથી પવન મળતા વધુ ને વધુ ભડકી રહી છે. રાજ્ય સરકારના તોફાનો શાંત કરવાના પ્રયત્નો નિષ્ઠાશૂન્ય દેખાય છે અને કેન્દ્ર ત્યાં પોતાના જ પક્ષની સરકાર હોવાથી રાજધર્મ નિભાવી શકે એમ નથી.

# અમરેલી જિલ્લામાં બે વાહનચાલક સહિત ૧૮ નસેડીઓ ઝડપાઇ ગયા

## ૧૮ શખ્સોને નશો કરેલ હાલતમાં પોલીસે ઝડપી લઇ જેલની હવા ખવડાવી

અમરેલી,(ક્રાઇમ રિપોર્ટર)અમરેલી જિલ્લામાં બે વાહનચાલક સહિત ૧૮ શખ્સોને ઢીંગલી થયેલી હાલતમાં પોલીસ ઝડપી લઈ જેલની હવા ખવડાવી સરભરા કરી હતી. જેમાં સાવરકુંડલા રૂરલ, અમરેલી રૂરલ, બાબરા, લાઠી, અમરેલી, ધારી, ડુંગર, મરીન પીપાવાવ, દામનગર, જાફરાબાદ અને સાવરકુંડલા પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવવામાં આવી હતી.

## ગ્રહોની ચાલ





રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા ૧૭.૭.૨૦૨૪ બુધવાર ,સંવંત ૨૦૮૦ અષાઢ સુદ અગિયારસ, દેવપોઢી એકાદશી, અનુરાધા નક્ષત્ર , શુભ યોગ, વણિજ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ વૃશ્ચિક (ન ,ય ) રહેશે.

### ડોનાલ્ડ ટ્રમ્પ : હિચકારા હુમલા પછી ફરી રાજયોગ!!?

બુધવારને દેવશયની એટલે કે દેવપોઢી એકાદશી છે. આ દિવસથી ભગવાન વિષ્ણુ ક્ષીરસાગરમાં સૂઈ જાય છે અને પછી લગભગ ચાર મહિના પછી દેવ જાગે છે તે દિવસને દેવઉઠી એકાદશી કહેવામાં આવે છે. દેવપોઢી એકાદશી પછી ચાર માસ લગ્ન જેવા શુભ કાર્ય થતા નથી અને પછી પ્રભુના વિવાહ પછી વિવાહ યોગ શરુ થાય છે. આ ચાર માસનો સમય વિવિધ વ્રત દ્વારા દેવતત્વને જાગૃત કરવાનો સમય છે! ગોચર ગ્રહોની વાત કરીએ તો ગ્રહોના રાજા સૂર્ય મહારાજ રાણીના ઘરમાં એટલેકે કર્ક રાશિમાં જળતત્વમાં પ્રવેશી ગયા છે અને બધે જળબમ્બાકાર કરી રહ્યા છે વળી રાહુ પણ જળતત્વમાં હોય જળતત્વથી વિશેષ સાવધાની



રાખવી જોઈએ વળી સૂર્યના કર્ક પ્રવેશ સાથે સૂર્ય શનિનો ષડાષ્ટક યોગ શરુ થયો છે જે રાજા અને પ્રજા વચ્ચે ખાઈ ઉભી કરે છે વળી અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ પર પણ હુમલો થયો છે જે હાલના ગોચર મુજબ સમજી શકાય છે જો કે તેમનો લગ્નેશ સૂર્ય મજબૂત થઈ દશમે બિરાજમાન છે જે તેમનું એક ઘાત પછી સારું ભવિષ્ય દર્શાવે છે વળી આઠમે રાહુએ તેમને ઘાત આપી પણ ઉગારી પણ લીધા છે જે ભવિષ્યમાં તેમના માટે શુભ પુરવાર થશે. તેમની કુંડળીમાં દશમે સૂર્ય રાહુ યુતિ તેમને વિવાદો પણ આપે છે અને સત્તાના કેન્દ્ર માં પણ રાખે છે, લાઈમ લાઈટમાં રાખે છે વળી આગામી દિવસોમાં તે સારો દેખાવ પણ કરી શકશે તેમ દર્શાવે છે!

મેષ (અ,લ,ઈ) : અંગત જીવનમાં સારું રહે, મનોમંથન કરી શકો.વિચારોમાં પરિવર્તન જણાય ,શુભ દિન.

વૃષભ (બ,વ,ઉ) : વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે, વિવાહિતને દામ્પત્યજીવનમાં સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો.

મિથુન (ક,છ,ઘ) : ભાગીદારીમાં સારું રહે, જાહેરજીવનમાં આગળ વધી શકો અને તમારું પ્રભુત્વ દર્શાવી શકો ,દિવસ શુભ રહે.

કર્ક (ડ,હ) :વિદ્યાર્થીવર્ગને અભ્યાસમાં સારું રહે, વિદેશ જવા ઈચ્છતા મિત્રો માટે સારું, સંતાન અંગે સારું રહે, યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લઈ શકો.

સિંહ (મ,ટ) : નવી વસ્તુની ખરીદી થાય, સુખ સગવડ પ્રાપ્ત થાય, અન્ય મિત્રોને મદદરૂપ બની શકો , દિવસ સંતોષજનક રહે.

કન્યા (પ ,ઠ,ણ) : ગણતરી પૂર્વક આગળ વધશો તો લાભ થશે, સાહસ થી સિદ્ધિ પ્રાપ્ત થાય, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

તુલા (ર,ત) : આર્થિક બાબતો માં મધ્યમ રહે, આવક જાવક સમજીને કરવા, મનમાં સંતોષ અને રાજીપો રહે, શુભ દિન.

વૃશ્ચિક (ન,ય) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, નવી પ્રતિભા કેળવી શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો.

ધન (ધ,ભ,ફ,ઢ): કોઈ બાબતમાં વધુ દલીલ થી દૂર રહેવું, વાદ-વિવાદ થી દૂર રહેવું, અંગત મિત્રો સાથે મતભેદ નિવારવા પડે.

મકર (ખ,જ) : આકસ્મિત લાભ થાય, મુશ્કેલી માં આશાનું કિરણ દેખાય, મુસાફરીના યોગ બની રહ્યા છે, દોડધામ રહે.

કુંભ (ગ ,સ,શ) :વેપારીવર્ગને લાભ થાય, સ્ત્રીવર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગને સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

મીન (દ,ચ,ઝ,થ): નસીબ સાથ આપતું જણાય, નવીન તક હાથ માં આવે પરંતુ તેને કાર્યમાં રૂપાંતરિત કરવા મહેનત કરવી જરૂરી બને છે.

## બોલાચાલી કરી માથાકુટ કરતાં ઠપકો આપતાં સારૂ નહીં લાગવાથી

# મોટી કુંકાવાવમાં બે જુથ વચ્ચે ધિંગાણું

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર) મોટી કુંકાવાવમાં અજમલભાઇ ભીખાભાઇ માથાસુરીયા ઉ.વ.૫૦નો દિકરો અંકિત બજારમાં મળતાં મનિષ બકાભાઇ વાઘેલાએ બોલાચાલી કરી માથાકુટ કરતાં અજમલભાઇએ ઠપકો આપતાં સારૂ નહીં લાગતા તેમના ઘર પાસે મનિષ બકાભાઇ, હિંમત દામજીભાઇ, બકા મનજીભાઇ, જગદિશ રાણકુભાઇ, કિશોર મનજીભાઇ, પ્રકાશ કિશોરભાઇ, મુન્ની બકાભાઇ વાઘેલા તથા જીલુ વિનુભાઇ ચારોલીયાએ એકીસાથે આવી પાઇપ લાકડી અને છરી જેવા હથિયારો ધારણ કરી ગેરકાયદેસર મંડળી રચી મનિષે અજમલભાઇને હાથે લોખંડનો પાઇપ મારી ફેકચર કરી કિશોર મનજીભાઇ વાઘેલાએ માથામાં પાઇપ મારી ત્રણ ટાકા લાવી જીલુ વિનુભાઇ ચારોલીયાએ છરી વડે દિકરા અંકિતને ડાબા ખંભા પાસે મારમારી ઈજા કરી અજમલભાઇના પત્ની પુત્રવધુ તથા બન્ને પુત્રોને હથિયારો વડે આડેધડ મારમારી મુંઢ ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકીઆપી ગુનો કર્યાની વડીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

જયારે સામાપક્ષે મનીષભાઇ બકાભાઇ વાઘેલાને મોટી કુંકાવાવ બસ સ્ટેશન પાસે રૂબરૂ મળતાં તેની સાથે સામાન્ય બોલાચાલી કરી અંકિત અજમલભાઇ , અજમલ ભીમાભાઇ, વિજય અજમલભાઇ માથાસુળીયાએ પાઇપ જેવા હથિયારો લઇ આવી મનિષભાઇને મુંઢ મારમારતા પોતાના રહેણાંક મકાન પાસે બજારમાં પોતાના પરિવારના સભ્યો સાથે ઉભા હોય તે દરમિયાન મનિષભાઇ તથા જગદિશભાઇ રાણકુભાઇ વાઘેલા, હિંમતભાઇ દામજીભાઇ, પ્રકાશ કિશોરભાઇને પાઇપ વડે માથામાં તેમજ શરીરે આડેધડ મુંઢ મારમારી ત્રણથી ચાર ટાકા આવે તેવી ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની વડીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### દારૂ પીને બજારમાં ગાળો બોલવાની ના પાડતાં

## જસવંતગઢમાં પ્રૌઢ ઉપર હુમલો

### બે શખ્સોએ મારમારી છરી બતાવી ધમકી આપી

અમરેલી,(ક્રાઇમ રિપોર્ટર)અમરેલી તાલુકાના જસવંતગઢ ગામે રહેતાં મુકેશભાઇ ચકુભાઇ મેસીયા ઉ.વ.૫૩એ મંથન રમેશભાઇ મેસીયા બજારમાં દારૂ પી ને ગાળો બોલતો હોય જેથી ગાળો બોલવાની ના પાડતાં મુકેશભાઇ સાથે બોલાચાલી કરી લાકડી વડે વાસામાં તથા હાથે મારમારી ગાળો બોલી છરી બતાવી ધમકીઆપ્યાની અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## અમરેલીના ધારી રોડ બાલાજી હનુમાન મંદિર પાસે બે બાઇક અથડાતાં એકનું મોત : એકને ઇજા

### બાઇક સાથે અથડાવી માથામાં ગંભીર ઇજા કરી મોત નિપજાવી એકને ઇજા કરી નાસી ગયો

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર) અમરેલીના ધારી રોડ બાલાજી હનુમાનજીના મંદિર પાસે હોન્ડા સ્પ્લેન્ડર જીજે ૧૪ ડીડી ૯૮૭૩ના ચાલકે પુર ઝડપે અને બેફિકરાઈથી માણસોની જીંદગી જોખમાય તે રીતે ચલાવી અનિલભાઇ રમેશભાઇ ભુરીયા મુળ એમપી હાલ વેણીવદર રવાભાઇ માકરાણીની વાડીએ પોતાનું પેશન બાઇક જીજે૦૬ બીએન ૬૮૦૮ સાથે ભટકાવી અનિલભાઇ તથા કમસિંગ સેતાન, અમલીપાર હાલ અમરેલીવાળાને પછાડી દઇ અનિલભાઇને ડાબા હાથે ફેકચર કરી મોઢે છોલાણ કરી કમસિંગને મોઢાના ભાગે ઈજા કરી માથામાં ગંભીર ઈજા કરી મોત નિપજાવી નાસી ગયાની અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## દેવગામના સીમ વિસ્તારમાં સગીરાને કિશોરે એક સંતાનની માતા બનાવી

### કિશોરે સગીરા સાથે અવાર નવાર શરીર સંબંધ બાંધી એક સંતાનની માતા બનાવી ગુનો કર્યાની પોલીસમાં ફરિયાદ

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર) દેવગામ સીમમાં એમપીના શ્રમિક પરિવારની સગીરાને દેવગામમાં રહેતાં એક કિશોરે લલચાવી ફોસલાવી વાલીપણામાંથી ભગાડી જઇ ભોગ બનનાર સાથે અવાર નવાર શરીર સંબંધ બાંધી સગીર વયે ગર્ભવતી બનાવી એક સંતાનની માતા બનાવી ગુનો કર્યાની સગીરાની માતાએ વડીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## કુંડલા પોલીસે વરલી જુગારના ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડયો

અમરેલી,(ક્રાઇમ રિપોર્ટર)સાવરકુંડલા ડિવીઝનમાં નાસતા ફરતા સ્કવોર્ડના ઇન્ચાર્જ પીએસઆઇ કે.ડી. હડીયા, હે.કોન્સ.જયેન્દ્રભાઇ બસીયા, પો.કોન્સ. મહેશભાઇ બારૈયા, નિતેષભાઇ વાળા, રામકુભાઇ કહોર, જયપાલસિંહ ગોહિલ દ્વારા સાવરકુંડલા પોલીસ સ્ટેશનના વરલી મટકાના જુગારના ગુનામાં નાસતા ફરતા આરોપી સાવરકુંડલાના અકબર અયુબભાઇ ચૌહાણને ચોકકસ બાતમીના આધારે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### પોલીસમાં અરજી કર્યાનું મનદુઃખ રાખી

## ક્રાંકચમાં પ્રૌઢ પર બોલેરો ચડાવી ધમકી આપી

### ત્રણ શખ્સોએ બોલેરો માથે ચડાવી ધમકી આપી

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર) લીલીયા તાલુકાના ક્રાંકચ ગામે રહેતાં ભરતભાઇ નાથાભાઇ બારૈયા ઉ.વ.૪૮એ વિપુલ બેચરભાઇ ખાંટ સામે લીલીયા પોલીસમાં અરજી કરેલ હોય.

જેનું મનદુઃખ રાખી ભરતભાઇના રહેણાંક મકાન બહાર શેરીમાં નિકળતાં અને ભરતભાઇ સામે અવાર નવાર મુંછો મરડી ગાળો બોલતો હોય જેથી વિપુલના ભાઇઓ જયંતિ ઉર્ફે પિન્ટુ બેચરભાઇ , લાલો બેચરભાઇ ખાંટને ઠપકો આપતાં તા.૧૩-૭ના રાત્રી ૧૦ વાગ્યે આરોપીઓએ ભરતભાઇના ઘર બહાર ગાળો બોલી જયંતિભાઇ ઉર્ફે પિન્ટુએ બોલેરો ગાડી માથે ચડાવી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની લીલીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### ફોટાનો દુર ઉપયોગ કરી સમાજમાં બદનામ કરવાના ઇરાદે

## અમદાવાદમાં ફેક ઇન્સ્ટાગ્રામની આઇડીમાં પરિણીતાના ફોટા મુકી પ્રતિષ્ઠાને હાની પહોંચાડી

### ફેક ઇન્સ્ટાગ્રામમાં પરિણીતાના ફોટા વાયરલ કરી ગુનો કર્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર) અમદાવાદ રહેતી પરિણીતાને મિતલ ગોહિલ નામના ફેક ઈન્સ્ટાગ્રામ ધારકે પોતાના ઈન્સ્ટાગ્રામના માધ્યમથી પરિણીતાના ફોટાનો દુરઉપયોગ કરી બદ ઈરાદે ફોટામાં પરિણીતાનું નામ સરનામુ લખી ખરાબ ફોટો બનાવી ફેક ઈન્સ્ટાગ્રામ આઈડીમાં સ્ટોરીમાં મુકેલ અને ફરિયાદીની પ્રતિષ્ઠાને હાની પહોંચડવા અને સમાજમાં બદનામ કરવાના બદ ઈરાદે ખરાબ ફોટા વાયરલ કરી ગુનો કર્યાની અમરેલી સાયબર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ધારી હિમખમડી પરામાં વૃધ્ધાએ બિમારીથી કંટાળી ગળાફાંસો ખાઇ જતાં મોત નિપજયું

### ઠેલના લાકડા સાથે ઇલેકટ્રીકનો વાયર બાંધી ગળાફાંસો ખાઇ જતાં મોત નિપજયું

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર) ધારી હિમખમડી પરામાં રહેતાં સમજુબેન નાગજીભાઇ પાટડીયા ઉ.વ.૬૦ને છેલ્લા ૨૦ વર્ષથી શ્વાસની બિમારી હોય. અને મોટી ઉંમરના કારણે માનસિક તકલીફ હોય જેથી કંટાળી જઇ પોતે પોતાની મેળે પોતાના ઘરે ઠેલના લાકડા સાથે ઈલેકટ્રીક વાયર બાંધી ગળાફાંસો ખાઇ જતાં મોત નિપજયાનું પુત્ર ભરતભાઇ નાગજીભાઇ પાટડીયાએ ધારી પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

## અમરેલીમાં હદપારીના હુકમનો ભંગ કરતાં પોલીસે એકને ઝડપી પાડયો

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર)અમરેલી ખોડિયાર નગર લીલીયા રોડ પર રહેતાં દિપક હસમુખભાઇ શાહ ઉ.વ.૪૬ને સબ ડિવી. મેજી. અમરેલીનાઓએ તા.૨૦-૪-૨૪ના થયેલ હુકમથી તા.૨૦-૪-૨૪થી તા.૧૯-૪-૨૫ સુધી અમરેલી જિલ્લામાંથી તડીપાર કરેલ હોવા છતાં હુકમનો ભંગ અમરેલી જિલ્લામાં પ્રવેશ કરી ખોડિયાર નગરમાંથી મળી આવી ગુનો કર્યાની પો.કોન્સ.સોયબભાઇ જુણેજાએ અમરેલી સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## જાફરાબાદના મોટા માણસા ગામે બાઇક ચોરાયું

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર) જાફરાબાદ તાલુકાના મોટા માણસા ગામે રહેતાં કિશનભાઇ ભરતભાઇ વાઘેલાએ તેમના ઘર પાસે ખુલી જગ્યામાં પાર્ક કરેલ હોન્ડા સ્પ્લેન્ડર જીજે ૨૭ સીડી ૨૮૨૫ રૂ. ૪૦૦૦૦ની કિંમતનું તેના ગામનો હિંમત ટપુભાઇ બાંભણીયા ચોરી કરી લઇ ગયાની નાગેશ્રી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### જિલ્લા આરોગ્ય શાખા દ્વારા

## કોટડાપીઠામાં સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

### શ્રી પ્રભાતભાઇ કોઠીવાળના વરદ હસ્તે ઉદ્દઘાટન



બાબરા,(દિપક કનૈયા) જીલ્લા પંચાયત અમરેલી અને આરોગ્ય સમિતી જીલ્લા પંચાયત ઉપક્રમે એક નવી પહેલ સર્વ રોગ નિદાન કેમ્પ નું આયોજન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કોટડાપીઠા ખાતે કરેલ જેમાં જીલ્લા પંચાયત નાં સભ્ય શ્રી પ્રભાતભાઈ કોઠિવાળ ,તાલુકા પંચાયત નાં સભ્ય શ્રી ભરતભાઈ બુટાણી તથા મહેશભાઈ ભાયાણી વગેરે મહાનુભાવો દ્વારા લાભાર્થી ઓ માટે આ કેમ્પ આ કેમ્પ નું ઉદ્ઘાટન કરવામાં આવેલું આ પ્રસંગે શ્રી પ્રભાતભાઈ કોઠીવાળે સરકાર શ્રી દ્વારા મળતી આરોગ્ય ની સુવિધાઓ તેમજ યોજના અંગે સમજ આપી આ કેમ્પ માં ટીબી, બ્લડ પ્રેસર ,ડાયાબિટીસ વગેરે રોગો નું નિષ્ણાંત તબીબો દ્વારા પરીક્ષણ તેમજ વિવિધ લેબોરેટરી કરી ને નિદાન કરવામાં આવેલું.અને એલોપેથિક અને આયુર્વેદ ડોકટર દ્વારા સારવાર આપવા આવેલી.આયુષ્યમાન કાર્ડ,આભાકાર્ડ તેમજ આધારકાર્ડ ને લગતી તામામ પ્રકાર ની સેવાઓ આપવા માં આવેલી. તેમજ સગર્ભામાતા પરીક્ષણ અને બાળકો નું રસિકરણ લગત સેવાઓ આપવામાં આવેલી. આ પ્રસંગે આરોગ્ય નો સ્ટાફ તાલુકા પંચાયત સ્ટાફ વગેરે હાજર રહી સુંદર મજા ની વ્યવસ્થા કરેલી.

## સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૯૫૦ થી ૧૫૮૪ મગફળી ૧૧૩૬ થી ૧૨૬૧

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૧૨૦૦-૧૨૦૦
શિંગમોટી-૧૧૩૬-૧૨૬૧
મગ-૧૪૬૫-૧૫૪૦
તલસફેદ-૨૧૫૦-૨૫૯૦
તલકાળા-૨૭૦૦-૩૧૫૦
એરંડા-૧૧૦૫-૧૧૦૫
ઘઉંટુકડા-૪૫૦-૫૮૪
ઘઉંલોકવન-૪૫૭-૫૯૨
બાજરો-૪૫૯-૪૫૯
ચણા-૯૦૦-૧૩૨૯
કપાસ-૯૫૦-૧૫૮૪
જુવાર-૪૦૦-૮૨૫
જીરૂ-૪૨૦૦-૪૮૭૦
ધાણા-૧૨૦૨-૧૩૩૦
સોયાબીન-૬૦૦-૮૩૮
મેથી-૯૮૦-૧૧૨૦
રાયડો-૯૬૦-૧૦૨૬

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૨૦-૫૨૦
રીંગણા-૨૫૦-૪૦૦
ફલાવર-૫૦૦-૬૦૦
કોબીઝ-૭૦૦-૯૦૦
ટમેટાં-૧૫૦૦-૧૭૦૦
ફોદીનો-૭૦૦-૮૦૦
ગાજર-૪૦૦-૫૦૦
ગલકા-૨૦૦-૩૦૦
કાકડી-૪૦૦-૫૦૦
ગુવાર-૧૫૦૦-૧૭૦૦
દુધી-૨૫૦-૩૦૦
તુરીયા-૫૦૦-૬૦૦
ભીડો-૬૦૦-૮૦૦
આદુ-૧૫૦૦-૨૦૦૦
કોથમીર-૮૦૦-૧૦૦૦
મેથીભાજી-૧૦૦૦-૧૨૦૦
ટીંડોરા-૮૦૦-૯૦૦
લીમડોમીઠો-૧૩૦-૧૭૦
મરચાલીલા-૧૦૦૦-૧૨૦૦
લસણસુકું-૨૦૦૦-૫૦૦૦
લીંબુ-૪૦૦-૫૦૦
પાલક-૭૦૦-૮૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૫૦-૬૦૦
જુવાર-૫૦૧-૯૦૦
ઘઉં-૪૫૦-૫૬૬
શીંગદાણા-૧૫૦૦-૧૫૫૦
ચણા-
તલસફેદ-૨૦૦૦-૨૬૦૦
જીરૂ-
તલકાળા-૨૯૦૦-૨૯૦૦
કપાસ-૧૪૪૦-૧૫૬૧
શીંગ-૯૦૦-૯૦૦
સોયાબીન-૮૩૦-૮૫૦

**મહુવાયાર્ડ**
ઘઉં-૪૫૮-૫૯૭
ડુંગળીલાલ-૧૦૦-૬૧૩
મગ-૭૦૦-૧૨૩૨
તલસફેદ-૧૯૦૦-૨૪૫૩
સોયાબીન-૮૦૦-૮૦૦
અડદ-૧૧૦૦-૧૧૦૦
ચણા-૧૦૨૫-૧૨૧૧
નાળીયેર-૫૮૦-૧૭૯૦
ધાણા-૧૩૯૯-૧૩૯૯
બાજરી-૪૩૮-૫૦૮
જુવાર-૩૦૭-૯૦૧

**બાબરા**
કપાસ-૧૩૨૨-૧૫૭૮
મગ-
ચણા-
ઘઉં-૪૯૯-૫૨૧
તલસફેદ-૨૩૧૦-૨૪૦૦
જીરૂ-૪૭૮૯-૪૮૫૦
મગફળી-૧૦૭૦-૧૧૪૦
બાજરો-

**ધારી**
શીંગફાડા-
ચણા-૧૧૩૯-૧૧૩૯
મેથી-૯૦૦-૯૦૦
એરંડા-૧૧૨૫-૧૧૨૫
તલ-૨૨૦૦-૨૩૨૫
મગ-૧૫૦૧-૧૫૦૧
શીંગદાણા-૧૪૭૬-૧૪૮૦
તલકાળા-૩૦૦૩-૩૦૨૫
ઘઉં-૫૨૫-૫૩૫
સોયાબીન-૭૦૦-૮૨૫

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૧૦૦-૧૨૬૦
શીંગદાણા-૧૬૦૦-૧૮૦૦
જીરૂ-૪૫૦૦-૫૧૫૧
તલસફેદ-૨૨૦૦-૨૬૦૦
કપાસ-૧૨૨૦-૧૫૫૦
ઘઉંલોકવન-૪૭૫-૫૨૦
મગ-૧૫૧૦-૧૫૬૦
ઘઉંટુકડા-૫૦૦-૫૬૩
ચણા-૧૦૬૦-૧૨૯૦
એરંડી-૧૦૦૦-૧૧૮૦
જુવાર-૪૦૦-૮૧૯
બાજરો-૩૮૫-૩૯૫
સોયાબીન-૮૩૩-૮૩૮

**ખાંભા**
કપાસ-૧૩૯૧-૧૪૧૨
જુવારસફેદ-૮૩૨-૮૩૨
ચણા-૧૨૧૨-૧૨૧૨
મકાઈ-૪૩૫-૪૩૫
ધાણા-૧૧૬૧-૧૧૬૧
શીંગદાણા-૧૬૦૦-૧૬૦૦
મગફળી-૧૧૫૬-૧૧૫૬
એરંડા-૧૦૭૩-૧૦૭૩

**બગસરા**
જુવાર-૭૦૫-૭૦૫
કપાસ-૧૦૦૦-૧૨૦૫
ચણા-૯૫૦-૧૨૭૨
શીંગફાડા-૧૩૭૦-૧૩૭૦
મગ-૧૩૦૦-૧૩૦૦
શીંગદાણા-૧૧૦૦-૧૬૦૦
ઘઉંલોકવન-૪૪૮-૫૧૫
તુવેર-૧૮૨૫-૧૮૨૫
તલસફેદ-૧૬૫૫-૨૪૦૦
મગફળી-૧૦૦૦-૧૧૫૦
સોયાબીન-૬૭૫-૮૩૪
ધાણા-૧૨૦૦-૧૨૨૫

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૬૦૦-૧૨૦૦
દાડમ-૫૦૦-૧૪૦૦
મુસંબી-૮૦૦-૧૨૦૦
સંતરા-૧૭૦૦-૨૪૦૦
કીવી-૩૫૦૦-૫૫૦૦
ડ્રેગન ફ્રુટ-૧૬૦૦-૨૬૦૦
અનાનસ-૧૩૦૦-૧૬૦૦
ખારેક-૧૦૦-૧૪૦૦
કેળા-૨૬૦-૩૫૦
પોપૈયા-૬૦૦-૯૦૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૨૭૦૦-૩૮૦૦

### અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન ૩૫
ન્યુનતમ તાપમાન ૨૫.૮
ભેજનું પ્રમાણ ૮૨
પવનની ગતિ સરેરાશ ૭.૦

## વેપારીઓ દ્વારા વિવિધ પ્રશ્નોની રજુઆતો છતાં પણ ઉકેલ ન આવતાં

# રાજુલાના પ્રશ્નોની ગાંધીનગરમાં રજુઆત

### પથ્થર ઉદ્યોગ માટે ગુજરાત સરકારમાંથી સહાય મળી રહે તેવી વેપારીઓની માંગણી

### ગાંધીનગરમાં કમિશ્નરને રજુઆત કરી : સરકાર દ્વારા હકારાત્મક પ્રતિસાદ આપવામાં આવ્યો

### પ્રશ્નોની રજુઆત વેળાએ પથ્થર ઉદ્યોગના વેપારીઓએ પણ જોડાઇને રજુઆત કરી

રાજુલા,

રાજુલા શહેરમાં આવેલા પથ્થર ઉદ્યોગ માટે આજરોજ ગાંધીનગર ખાતે ધારાસભ્ય હીરાભાઈ સોલંકીની આગેવાનીમાં રાજુલા પથ્થર ઉદ્યોગમાં વિવિધ પ્રશ્નો બાબતે કમિશ્નરની સમક્ષ પાયાના પ્રશ્નો બાબતે રજુઆત કરી હતી આ પથ્થર ઉદ્યોગ વેગવંતો બની રહે તે માટે પથ્થર ઉદ્યોગને લાગતા વિવિધ નાના મોટા પ્રશ્નોની સવિસ્તાર રજુઆત તેના નિરાકરણ માટે સરકારશ્રી દ્વારા હકારાત્મક પ્રતિસાદ આપવામાં આવ્યો હતો .આ તકે નાજભાઈ ખાંભલા તથા જીતુભાઈ સરવૈયા રાજુભાઈ સોલંકી સાગરભાઈ સરવૈયા રાજેશભાઈ જાની સહિતના પથ્થર ઉદ્યોગના વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વિજપડીમાં સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

### જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ દ્વારા આયોજન



વિજપડી (સમીર ખોખર) સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામે સીએચસી ખાતે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા કરવામાં આવ્યું હતું અને આ તકે આ કાર્યક્રમના અધ્યક્ષ શ્રી વિજયજી ચાવડા, વિજપડી ગામના સરપંચ ભરતભાઈ ગિગૈયા, બાલાભાઈ જોગરાણા, સીએચસી અધિક્ષક ડો. વિજયભાઈ સેતા, ડો. યશ માંગુકિયા, ડો.રામ પ્રસાદી, ડો. કૌશલભાઈ, શ્યામભાઈ ભુવા, હાર્દિકભાઈ રાઠોડ, હિતુલભાઈ હિરાણી, શુભમ ચાવડા, રવિ કુમાર ડોડીયા, વર્ષાબેન દુધાત, તાલુકા પંચાયતનો સ્ટાફ, આરોગ્યનો સ્ટાફ, અને આરોગ્ય લક્ષી સેવાના લાભાર્થીઓ હાજર રહ્યા હતા.

## રાજુલામાં રખડતા ભટકતા લોકોનું રાત્રી નિવાસ સ્થાન એવું રેલ્વે સ્ટેશન ગમે ત્યારે પડે તેવી સ્થિતિમાં

### રેલ્વે સ્ટેશન વિસ્તારમાં કોઇ જાન હાની થશે તો જવાબદારી કોની ? : પ્રચંડ રોષ





રાજુલા,રાજુલા રેલવે સ્ટેશન એટલે રખડતા ભટકતા લોકોનું રાત્રિનું નિવાસસ્થાન પરંતુ ગમે ત્યારે પડે તેવી સ્થિતિમાં રેલ્વે તંત્રના પોલીસ દર પંદર દબાણ કોઈ એ કર્યું કે નહીં તે તપાસવા આવે ત્યારે તેને ધ્યાનમાં નહીં આવતું હોય પડશે તો મોટી જાનહાની થશે તેની જવાબદારી કોની પોલીસ તંત્ર કેબીનો વાળા પાસે ૧ મહિને શા માટે મળવા આવે તે પણ સરસાનો નો વિષય રાજુલા રેલ્વે સ્ટેશન એટલે સૌથી છેલ્લુ સ્ટેશન એટલે એના ઉપરથી રાજુલા સીટી કહેવાનું હતું અહીં છેલ્લા ૩૫ એક વર્ષથી રેલવે સંપૂર્ણ બંધ થઈ ગઈ છે રેલ્વે ની કરોડો રૂપિયાની અહીં જમીન પણ છે રેલવેના પાટા પણ આજની તારીખે છે રેલવેના અધિકારીઓને રહેવા માટેના ક્વાર્ટરો છે તે પણ પડવું પડ્યું છે હાલ તો અહીં રેલવેની જગ્યામાં રવિવારી બેસતી હોવાથી ગરીબ માણસો માટે આ જગ્યા રોજેરોટીનું માટેનું કેન્દ્ર બન્યું છે કારણકે અહીં રાજુલામાં એક પણ જગ્યા ખાલી ન હોવાથી નગરપાલિકા દ્વારા આ જગ્યા ફાળવી દેતા અહીં ગરીબ માણસો રવિવારેમાં માલસામાન લેવા આવે છે પરંતુ મુખ્ય મુદ્દા નો પ્રશ્ન એ છે કે અહીં વર્ષો પુરાણું રાજુલાના પથ્થર થી બાંધેલું રેલ્વે સ્ટેશન હાલ તો અહીં ગરીબ માણસો પશુધન માટે આ જગ્યા ખૂબ જ ઉપયોગમાં આવે છે પરંતુ નવાઈની વાત તો એ છે કે આ રેલ્વે સ્ટેશન વર્ષો પુરાણું હોવાથી પચાસ ટકા નળિયા પણ ઉડી ગયા છે દીવાલોમાં તિરાડ થઈ ગઈ છે તેમજ સિમેન્ટના પતરા નાખેલું રેલવે નું પ્લેટફોર્મ નીચે અને રેલ્વે સ્ટેશન નીચે રખડતા ભખડતા ભિખારીઓ ગરીબ માણસો નાના બાળકો સહિતનો પરિવાર અહીં રાત્રિના રોકાણ કરે છે અને રસોઈ બનાવી અને અહીં સુવા માટે આરામથી સુતા હોય છે જેને કારણે ૫૦% વરસાદ નું પાણી પડતું ન હોવાથી પવન ન આવતો હોવાથી બપોરે સાઈડો પડતો હોવાથી દરરોજ ૨૦ થી ૫૦ માણસો અહીં રેલવે સ્ટેશન નીચે અને પ્લેટફોર્મ નીચે સુતા હોય છે એ સમગ્ર ગ્રામને પણ ખબર છે.

## સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

## કોડીનારમાં લોહાણા સમાજ અગ્રણી ઉપર હુમલો થતાં બજાર ટપોટપ બંધ

### વેપારીઓમાં વ્યાપક રોષ : ડિમોલેશનની કામગીરી મુલત્વી

કોડીનાર,

કોડીનાર શહેર માં ડીમોલેશન દરમિયાન છારા જાપે ગાયત્રી બટેટા ના વેપારી અને કોડીનાર શહેર ભાજપ પ્રમુખ અને ચેમ્બર ઓફ કોમર્સ ના પ્રમુખ એવા લોહાણા સમાજ ના અગ્રણી હરિભાઈ વિઠલાણી ની દુકાને એ પોતે અને એમના દીકરા કરણ સવારે ધંધો કરતા ની સાથે ત્યાં કોડીનાર ના નામાંકીત અને ૨૦૨૨ માં ચૂંટણી લડેલ એવા મહેશ મકવાણા અને એમના સાથી રફીક સેલોટ હરેશ દમણિયા એવા અનેક લોકો એ ટોળું ભેગુ થઈ અને દુકાન પર હુમલો કરેલ અને સોનાના ચેઈન અને રોકડ રૂપિયા ની લૂંટ કરેલ જ્યારે આ વાત ની કોડીનાર ખ્યાલ આવતાની સાથેજ કોડીનાર શહેર માં સન્નાટો છવાઈ ગયેલ અને કોડીનાર શહેર બંધ થઈ ગયેલ જયારે હરિભાઈ વિઠલાણી એ લોકોને જાણ કરેલ અને તરતજ ગામ ખોલી નાખવાની વિનંતી કરેલ જ્યારે બીજી બાજુ લોહાણા સમાજ ના લોકો માં રોસ છવાઈ ગયેલ અને હરિભાઈ પર થયેલ હુમલા વિરુદ્ધ કડક માં કડક કાર્યવાહી કરવા નિર્ણય કરેલ જયારે મામલતદાર પોતે હરિભાઈ વિઠલાણી ના પુત્ર કરણ એમ ૨ ફરિયાદ થયેલ અને કોડીનાર શહેર માં સન્નાટો છવાઈ ગયેલ અને બીજી બાજુ ગીર સોમનાથ જિલ્લા માં જિલ્લા કલેકટર એ ડીમોલેશન દરમિયાન પોલીસ બંદોબસ્ત પર રોક લગાવી અને ડીમોલેશન ની કાર્યવાહી મુલતવી રાખેલ હતી.

## ઉનામાં બાર એસો. દ્વારા આવેદનપત્ર અપાયું

ઉના,છેલ્લા ઘણા સમય થી ઉના ગુજરાત ના ચોપડે ચડી ગયેલ છે પરંતુ સરકાર કોઈ પગલાં લેવાના મૂડમાં નથી લાગતું કે મલાઈ પોચતી હશે!ગીર સોમનાથ જિલ્લા કલેકટર ઘણા સારા મૂડમાં દેખાય છે એવા સમાચાર છે પરંતુ ઉના ડે કલેકટર કચેરી અને મામલતદાર કચેરી બંને પર ઉના બાર એસોસિયેશન દ્વારા લેખિત માં આપેલ આવેદનપત્ર પર ક્યારે તપાસ થશે ! જો આમાં ઊંડાણ પૂર્વક તપાસ કરવામાં આવે તો છભમ્ થઈ શકે તેવું ચર્ચાઈ રહ્યું છે પરંતુ કોના રોટલા અભળાશે અને કોના નહિ એતો આવનારા દિવસો માં સામે આવશે સૂત્રો પાસેથી મળેલ વિગત મુજબ અગાઉ ઉના ડે કલેકટર કચેરી ખાતે છભમ્ એ છટકું ગોઠવેલ પરંતુ વચેટીયાઓ ફૂટી ગયેલ અને પોતાનું કામ કરાવી લીધેલ ના સમાચાર મળતા છભમ્ થતા થતાં રહી ચુકેલ નહીતો લાંબી લટાર આવી ચુકેલ હોત પરંતુ આ વકીલ મંડળ એતો લેખિત માં રજુવાત કરવા છતાં જિલ્લા કલેકટર જાડેજા કોઈ પગલાં લેતા નથી કે પછી બદલી કરીને મન ને મનાવી લેવાશે! અને ભ્રાટાચાર ખુલ્લો પાડશે! જો યોગ્ય તપાસ કરવામાં આવે તો ઉના મામલતદાર કચેરી અને ઉના પ્રાંત કચેરી બંને ના લાખો રૂપિયા લઈ અને કોભાંડ બહાર પડે તેવી સંભાવના છે

## ઠાંસા સેવા સહકારી મંડળીની સાધારણ સભા મળી

### મંડળી દ્વારા પ્રગતિ પ્રવૃતિનો અહેવાલ અપાયો : ૧૦ ટકા ડિવીડન્ટ જાહેર કરાયું



દામનગર,દામનગર. શ્રી ઠાંસા સેવા સહકારી મંડળી લી.ની વા.સા.સભા મંડળી ના પ્રમુખશ્રીમોહનભાઈ કુરજીભાઈ ઈસામલીયાના અધ્યક્ષ સ્થાને મળી હતી મંડળી કુલ ૩૪૬ સભાસદો ધરાવે છે મંડળીના મંત્રી ભુપતભાઈ માલવીયાએ હીસાબો રજુ કરતા મંડળીનુ શેર ભંડોળ રૂ.૫૮,૧૪,૧૮૦ અનામત ભંડોળ રૂ૧૦૦,૭૩,૩૮૬ બીલ્ડીગ ફંડ ૧૨,૪૯,૫૬૫,અન્ય ફંડો રૂ.૪૦,૪૫, ૭૧૪ જયારે મંડળીનું શેરોમા રોકાણ રૂ.૪૩,૨૧,૧૦૦ છે મંડળીનુ એન.પી.એ.૦ (શૂન્ય) છે મંડળી પોતાનુ ગોડાઉન કમ ઓફીસ પણ ધરાવે છે.મંડળીએ હાલ માંજ ઓફીસ કમ ગોડાઉન નુ નવીની કરણ કરી સુવીધા યુક્ત બનાવી સત્યનારાયણની કથા કરી પ્રારંભ કરેલ સહકારનું ઉતમ કાર્ય કરેલ છે સતત ૧૦% ડીવીડન્ડ આપવાની જાહેરાત કરતા સભાસદમાં હર્ષની લાગણી પ્રસરી ગઈ હતી આ તકે અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંકના જનરલ મેનેજર બી.એસ.કોઠીયા સાહેબે બેંક સાથે ના વ્યવહાર વ્યાજની ગણતરી તથા સભાસદો સાથે બનાતા ક્રાઈમના કિસ્સા વિશે માહીતી આપી હતી અને સાથે વધુમાં વધુ ખેડુત ખાતેદાર ેમંડળીમાં જોડાય તેવો અનુરોધ કરેલ બેંકના મેનેજર ભરતભાઈ પાડા એ બેકના ખાતા ગોલ્ડ લોન તથા લોકર વિશે માહીતી આપી હતી તથા સુપરવાઈઝરો અમીતભાઈ નવાપરા એ કે.સી.સી.મ.મુ.લોન તથા ગોડાઉન લોન, ખેતી જાળવણી તથા અન્ય લોન વિષે માહીતી આપી હતી સંદીપભાઈ માંગરોળીયાએ કીસાન ક્રેડીટકાર્ડ એટી.એમ કાર્ડ તથા પ્રધાનમંત્રી જીવન વિમા વિષે વિસ્તૃત માહીતી આપેલ હતી આ તકે હેડ ઓફીસના કીકાણી સાહેબ બેંકની વિવિધ યોજનાની જાણકારી આપી હતી આ તકે બેંકના ડીરેક્ટર હીરાભાઈ નવાપરા, રામદેવભાઈ પરમાર સહકારી અગ્રણી અને હાલબ માંજ એ.પી.એમ.સી દામનગર ચેરમેન તથા અમરેલી જીલ્લા સહકારી સંઘમાં વા.ચેરમેન તરીકે બીનહરીફ ચુટાયેલા હરજીભાઈ નારોલાનું પુષ્પગુચ્છ તેમજ છાલ ઓઢાડી સનમાનીત કરવામાં આવ્યા હતા.આ તકે અગ્રણીઓ જીતુભાઈ બલર, બટુકભાઈ શીયાણી તેમજ વિશાળ સભાસદ ઉપરાંત મંડળીના વ્ય.કમીટી સભ્યો રાઘવભાઈ એમ. ઈસામલીયા દુલાભાઈ કે. જીવાણી, નાગજીભાઈ એલ. માણીયા શામજીભાઈ એલ. ઈસામલીયા, નાગજીભાઈ એલ. માણીયા ધીરૂભાઈ એમ, ઈસામલીયા, ઉકાભાઈ એ,બુધેલીયા, દેવજીભાઈ એસ. ઈસામલીયા, મનુભાઈ એસ. ઈસામલીયા, પ્રવીણભાઈ ડી. ઈસામલીયા, રાજેશભાઈ આર.ઈસામલીયા, હીંમતભાઈ એ ઈસામલીયા, હીતેન્દ્રભાઈ ડી ઈસામલીયા હાજર રહ્યા હતા અંતમાં આભાર વિધી મંડળીના વ્ય.કમીટી સભ્ય શ્રી પ્રવીણભાઈ ડી. ઈસામલીયએ કરી હતી.

## રાજુલા ખાતે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

### જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિ અને પ્રા. આ. કેન્દ્ર ડુંગર ભેરાઇનું આયોજન



રાજુલા,જીલ્લા પંચાયત અમરેલી અને આરોગ્યસમિતી જીલ્લાપંચાયત અમરેલીના સંયુકત ઉપક્રમે રાજુલા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ડુંગર અને ભેરાઈ તેમજ પ્રાથમિક શાળા ચાંચ અને કોટડી ખાતે જીલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યાના માર્ગદર્શન હેઠળ સર્વરોગ નિદાન કેમ્પ અને આધાર કાર્ડ કેમ્પનુ આયોજન કરવામાં આવેલ.જેમા ૧૩૬૧ લાભાર્થીઓએ કેમ્પનો લાભ લીધો હતો.સર્વરોગ નિદાન કેમ્પને જીલ્લા અને તાલુકા પંચાયત સભ્યશ્રીઓ તેમજ સરપંચશ્રીઓના હાથે દીપ પ્રાગટ્ય કરી કેમ્પને ખુલો મુકવામાં આવતા રાજુલા તાલુકાના ૧૩૬૧ લાભાર્થીઓ દ્વારા કેમ્પનો લાભ લેવામાં આવેલ જેમા મફત સર્વરોગ નિદાન ચેકઅપ અને સારવાર,બિનચેપી રોગો જેવા કે બીપી,ડાયાબિટીસ અને કેન્સર સહિતના રોગોનુ સ્ક્રીનીંગ,આયુષમાન કાર્ડ,આભા કાર્ડ,આધાર કાર્ડ,સર્વેલન્સ અને કલોરીનેશન કામગીરી તેમજ આયુર્વેદિક દવાઓનુ વિતરણ સહિતની કામગીરી કરવામા આવેલ.વધુમાં વધુ લોકો કેમ્પનો લાભ લે તે માટે કેમ્પ અગાઉ માઈક પ્રચાર અને પત્રીકા વિતરણ તેમજ જીલ્લા અને તાલુકા પંચાયત સભ્યશ્રીઓ તેમજ સરપંચશ્રીઓને જાણ કરવા સહિતની કામગીરી તાલુકા હેલ્થ ઓફિસર ડો.નિલેશ કલસરીયા અને ટીડીઓ હિતેષ પરમાર સહિતની ટીમ દ્વારા કરવામા આવેલ.આયોજીત નિદાન કેમ્પને સફળ બનાવવા માટે ટીએચઓ ડો.એન.વી .કલસરીયા,ટીડીઓ હિતેષ પરમાર, મેડિકલ ઓફિસર ડો.ધિરજ ભુવા,ડો.પાલુ ભાદરકા, ડો.નમ્રતા બલદાણીયા, ડો.કિંજલ કાતરીયા ,સુપરવાઈ ઝરશ્રી ઓ,આરોગ્ય સ્ટાફ અને પંચાયત સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી જે યાદીમા જણાવેલ છે.

## ભાવનગર રેલવે ડિવિઝનના પી-મેને ૧ લાખ ૬૦ હજારની કિંમતનો મોબાઈલ ફોન મળેલો તે મુસાફરને પરત કર્યો



ભાવનગર,પશ્ચિમ રેલવે ભાવનગર મંડળના પી-મેને ઈમાનદારી દર્શાવીને ખૂબ જ પ્રશંસનીય કામ કર્યું છે.ભાવનગર ડિવિઝનના સીનીયર ડીસીએમ શ્રી માશૂક અહમદના જણાવ્યા અનુસાર, ઘટના એવી છે કે ગત શુક્રવારે રાત્રે સાવરકુંડલા સ્ટેશન પર ટ્રેન નંબર ૨૦૯૫૬ મહુવા-સુરત સુપરફાસ્ટમાં મુસાફરી કરવા વાળા એક મુસાફરનો મોબાઈલ ફોન સાવરકુંડલા સ્ટેશનના બેંચ પર ભૂલ થી રહી ગયો હતો, જેના બેંચ પર પેસેન્જર બેસીને ટ્રેનની રાહ જોતો હતો અને પેસેન્જર ટ્રેનમાં ચડી ગયો. શ્રી ચંદ્રભૂષણ કુમાર (પી-મેન/રાજુલા જંકશન) સાવરકુંડલા જંકશન સ્ટેશન પર ફરજ પર હતા, જેઓ ગાર્ડ પાસે પોતાનું કામ પૂરું કરીને સ્ટેશન ઓફિસ તરફ પરત ફરી રહ્યા હતા, ત્યારે તેમની નજર બેન્ચ પર પડેલા મોબાઈલ ફોન પર પડી અને તે તેને લઈ આવ્યો અને સ્ટેશન સુપરિન્ટેન્ડેન્ટ શ્રી અન્સારીજીને સોંપી દીધી હતી. થોડીવાર પછી એ મોબાઈલ પર એક કોલ આવ્યો અને કોલ રીસીવ કરતા પેસેન્જર (શ્રી ભરતભાઈ) પોતાનો પરિચય આપ્યો અને સ્ટેશનની બેંચ પર પોતાનો મોબાઈલ ભૂલથી છુટી ગયો હોવાની વાત કરી. જ્યારે પેસેન્જરને તે મોબાઈલની કિંમત પૂછવામાં આવી તો તેણે કહ્યું કે તે સેમસંગ મોબાઈલ છે, જેની કિંમત ૧ લાખ ૬૦ હજાર રૂપિયા છે. પછી તેણે સ્ટેશન પર તેના સંબંધીને બોલાવ્યો અને સ્ટેશન સુપરિન્ટેન્ડેન્ટને તેને મોબાઈલ આપવા વિનંતી કરી. જ્યારે સંબંધી સ્ટેશન પર પહોંચ્યો, ત્યારે સ્ટેશન સુપ્રિટેન્ડેન્ટે, જરૂરી પૂછપરછ કર્યા પછી, પેસેન્જરની સૂચના મુજબ સંબંધીને મોબાઈલ ફોન આપ્યો. ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી રવીશ કુમાર અને અન્ય અધિકારીઓ/કર્મચારીઓ દ્વારા પી-મેનના પ્રામાણિક કાર્યની પ્રશંસા કરવામાં આવી હતી.

## ઉના મહિલા કોલેજમાં વૃક્ષારોપણ કરાયું



ઉના,એક વૃક્ષ માતા ને નામ ‘અંતર્ગત મહિલા કોલેજ ઉના મા વૃક્ષારોપણ તેમજ વૃક્ષ ના રોપા વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. કોલેજ ની દિકરીઓ એ વૃક્ષારોપણ કરી. દરેક પોતાના ઘરે એક વૃક્ષ નો છોડ લઈ માતા સાથે વૃક્ષારોપણ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ ના માર્ગદર્શન પ્રોગ્રામ ઓફિસર ડો મનોજ પંડયા હતા. પર્યાવરણ ને જીવંત રાખવાના આ ઉમદા કાર્યક્રમ ને કોલેજ ના પ્રિન્સિપાલ ડો લલિત બારૈયા એ અભિનંદન તેમજ શુભેચ્છા પાઠવી હતી.

# અમરેલીના ચાંદગઢ-જીરા, અને ચાંદગઢ ચરખાનો માર્ગ મંજુર કરવા માંગણી કરાઇ

### આઝાદીના વર્ષો બાદ પણ લોકોએ કાચા અને ધુડીયા રસ્તે પસાર થવું પડે છે

અમરેલી,અમરેલી તાલુકાના ચાંદગઢ - જીરા ગ્રામ્ય માગે અંદાજીત ૪ કિમી તાલુકા થી તાલુકા ને જોડતા ગામ નો કાચો રસ્તો આવેલ છે આ રસ્તો ચોમાસામાં વરસાદ થતાં બંધ થઈ જાય છે લોકો ને ૨૦ કિમી ફરી ને જવુ પડે છે આ રસ્તો જો નવો મંજુર કરવામાં આવે તો પાંચ થી સાત જેટલા ગામ ના લોકો ને ફાયદો થાય તેમ છે. આ ઉપરાંત ચાંદગઢ- ચરખા માગે (અમરેલી- સાવરકુંડલા સ્ટેટ હાઈવે) અદાજી ૩ ત્રણ કિમી નો માગે મંજુર કરવામાં આવે તેવી માગે મકાન વિભાગ અથવા પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના માં આ નોન પ્લાન રસ્તોઓ મંજુર કરી તાત્કાલિક જોબ નંબર ફાળવવામાં આવે તેવી માંગ છે તેમ જયરાજસિંહ ખુમાણે જણાવ્યું છે.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

### પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધી યોજનાનો લાભ લેવા કેવાઇસી અપડેટ કરાવી લેવા જરૂરી

ભુજ,કચ્છ જિલ્લામાં પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના હેઠળ ખેતીની જમીન ધરાવતા ખેડૂત ખાતેદારને પ્રતિ વર્ષ ત્રણ સમાન હપ્તામાં રૂ. ૬,૦૦૦ની સહાય તેમના ખાતામાં - ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડી.બી.ટી.)ના ચુકવવામાં આવે છે. કેન્દ્ર સરકારની વર્તમાન સૂચના અનુસાર આ યોજનામાં સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને ફરજિયાત પોતાના પી.એમ.કિસાન ખાતામાં ત્રણ વિગતો અપડેટ કરવી જરૂરી છે, જેમાં લેન્ડ સીડિંગ એટલે કે, જમીનની વિગતો અપડેટ કરાવવી, બેંક સાથે આધાર સીડિંગ તથા ડી.બી.ટી. ઈનેબલ કરાવવું, અને ઈ-કે.વાય.સી. કરાવવાની કામગીરીનો સમાવેશ થાય છે. જે પી.એમ.કિસાન યોજનાની સહાય મળતી બંધ થઈ ગઈ હોય તેમણે આ ત્રણ વિગત અપડેટ છે કે નહીં તે ચેક કરવાનું રહે છે. લાભ મેળવતા ખેડૂતે પી.એમ.કિસાન વેબસાઈટ પર આ વિગતો ચેક કરી લેવાની રહે છે અથવા આ માટે ગ્રામપંચાયતના વી.સી.ઈ.નો સંપર્ક કરવાનો રહેશે.આ ત્રણ વિગતની સામે ‘NO‘/ ‘REJECTED‘ બતાવે તો સીડિંગ (જમીનની વિગતો) અપડેટ કરાવવા માટે આપની ગ્રામપંચાયત/તાલુકા પંચાયતનો સંપર્ક કરવો. બેંક સાથે આધાર સીડિંગ કરાવવા અને ડી.બી.ટી. ઈનેબલ માટે બેંક ખાતું હોય તે બેંકનો સંપર્ક કરી શકાશે અથવા આપની નજીકની ઈન્ડિયન પોસ્ટ પેમેન્ટ બેંક (પોસ્ટ ઓફીસ) નો સંપર્ક કરીને આધાર લીંક બેંક એકાઉન્ટ ખોલાવી શકાશે. ઈ-કે.વાય.સી. કરાવવા માટે ગામના ગ્રામસેવકનો સંપર્ક કરવો અથવા આપના ગામના વી.સી.ઈ. નો સંપર્ક કરીને આ વિગતો અપડેટ કરી શકાશે.આ માટે લાભાર્થીએ આધાર કાર્ડ અને મોબાઈલ નંબરની સાથે રૂબરૂ હાજર રહેવું જરૂરી છે. આ અંગેની વધુ વિગતો માટે તાલુકા પંચાયત કચેરી અને વિસ્તરણ અધિકારી (ખેતી)નો અથવા ગ્રામ્ય કક્ષાએ સંબંધિત ગ્રામ પંચાયત કચેરીના વી.સી.ઈ. ગ્રામસેવકનો સંપર્ક કરવો તેમ શ્રી કે.ઓ.વાઘેલા, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી દ્વારા જણાવાયું છે.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

### જુનાગઢમાં જુગાર રમતા ૭ શકુનીઓને ઝડપી લીધા

#### રોકડ રૂા. ૨૨,૯૫૦, ત્રણ બાઇક, પાંચ મોબાઇલ મળી રૂા. ૧, ૩૫, ૯૫૦નો મુદામાલ કબ્જે



જુનાગઢ,(હિતેષપારેખ)જુનાગઢ એ ડિવીઝન પીઆઈ વી.જે.સાવજ, પીએસઆઈ ઓ.આઈ. સીદી, એ.એ. પરમાર તથા પોલીસ સ્ટાફે બિલખા રોડ ધરાનગર વિસ્તાર દશામાના મંદિર પાસે વિજય કરશનભાઈ સોંદરવાના મકાનમાં પોતાના અંગત ફાયદા માટે બારથી માણસો બોલાવી હારજીતો જુગાર રમાડી નાલના પૈસા ઉઘરાવી પોતાના આર્થિક ફાયદા માટે જુગાર ધામ ચલાવતાં વિજય કરશનભાઈ સોંદરવા, લલીત મોહન ભાઈ વાઘ, સંજય મગનભાઈ મારૂ, હુસેન કરીમભાઈ બ્લોચ, કમલેશ અરજણભાઈ પરીયા, ભરત કાનજીભાઈ પઢીયાર, ગોપાલ બકુલભાઈ ઝાલાને પોલીસે રોકડ રૂા. ૨૨,૯૫૦, ત્રણ બાઈક રૂા.૮૦,૦૦૦ અને પાંચ મોબાઈલ રૂા.૩૩,૦૦૦ મળી કુલ રૂા. ૧,૩૫,૯૫૦ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં.

## ગીરસોમનાથ પંથકના વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

### ગીરસોમનાથ જિલ્લામાં મોહરમ પર્વની ઉજવણી

ગીર સોમનાથ,ગીર સોમનાથ જીલ્લામાં બુધવારે મોહરમ ને લઈને તમામ શહેરો ગ્રામ્ય વિસ્તારોમાં તાજીયા ઝુલુશ નિકળનાર છે તેથી તમામ પોલીસ સ્ટેશન માં સુરક્ષા ને ધ્યાનમાં રાખીને સુરક્ષા જણવાય તે સુચના અપાયેલ છે તેમજ જીલ્લા માં સરકારી કામ માટે પોલીસ બંદોબસ્ત ફાળવવામાં આવે છે અને ફળવાતો રહેશે તેમ જણાવેલ હતું.ગીર સોમનાથ જીલ્લા માં દબાણ હટાવ ની કાર્યવાહી દરમ્યાન કોડીનાર માં ઘર્ષણ બાદ પોલીસ બંદોબસ્ત નહી ફાળવે પણ એસ.પી મનોહરસિંહ જાડેજાએ જણાવેલ હતુક દબાણ હટાવ નો કોઈપણ કામગીરી હોય સરકારી વિભાગ સાથે સંકળાયેલ હોય જયારે જયારે પોલીસ બંદોબસ્ત માંગવામાં આવે ત્યારે જીલ્લા દરેક જગ્યાએ જીલ્લા પોલીસ વડા ની મજુરી થી કાયદો વ્યવસ્થા માટે બંદોબસ્ત ફાળવવામાં આવે છે જે તમામ નિયમોને અનુસરીન આપવામાં આવે છે પોલીસ વિભાગ હંમેશા કાયદો વ્યવસ્થા જણવાય તે માટે દરેક જગ્યાએ ચુસ્ત બંદોબસ્ત રહે તે સતર્ક હોય છે હાલ મોહરમ ને લઈને ગીર સોમનાથ જીલ્લામાં વેરાવળ, તાલાલા, સુત્રાપાડા ,કોડીનાર, ઉના, ગીરગઢડા તા તાલુકાના શહેરો તથા ગ્રામ્ય વિસ્તારોમાં મોહરમ ને લઈને ઝુલુશ નિકળનાર છે આ જીલ્લા માં કોમી એકતા નું ઉદાહરણ તેમજ ભાઈ ચારો જાણવી રાખતા મોહરમ માસ માં કરબલા ને શહીદોનું યાદ માં વિશાળ તાજીયાઓ આવ છે તે દરક શહરો તથા ગ્રામ્ય વિસ્તારોમાં મુખ્યમર્ગો ઉપર ફરે છે .

**ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ**
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125
- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
**યામાહા શોરૂમ**
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪



શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઈક નવું...
(બાબરાવાળા)
**આનંદ કલોથ સ્ટોર**
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

BAJAJ FINSERV
**આશાપુરા ફર્નીચર**
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

### ગુરૂ પ્રત્યે અહોભાવ વ્યકત કરવાના પાવન દિવસે

# કુંડલા, રાજુલા અને અકાળામાં ગુરૂપુર્ણિમાં ઉજવાશે

## સાવરકુંડલામાં કબીર ટેકરી આશ્રમ ખાતે ગુરૂપુજન, સત્સંગ અને ભજન સહિત કાર્યક્રમો : લાઠીના અકાળામાં પુજન, અર્ચન, સંતવાણી, મહાપ્રસાદ સહિતના કાર્યક્રમોની તૈયારી

અમરેલી,અમરેલી શહેર જિલ્લા ભરમાં તા.૨૧નેબુધવારે ગુરૂપુર્ણિમાંનીઆસ્થાભેર ઉજવણી થનાર છે. મંદિરો આશ્રમો સહિત ધાર્મિક સ્થળોએ ગુરૂપુજન સાથે ગુરૂ પ્રત્યે અહોભાવ વ્યકત કરાશે.

સાવરકુંડલા

ગુરૂપુર્ણિમાં પર્વ નિમિતે શ્રી સદગુરૂ કબીર આશ્રમ કબીર ટેકરી ખાતે તા.૨૧ના રોજ ઉજવણી કરાશે જેમાં સવારે ૭ વાગ્યે ગુરૂ મહિમા પાઠ, સવારે ૮ વાગ્યે ગુરૂ પુજન, સવારે૯વાગ્યેઆરતી, ૧૦કલાકેસત્સંગ, બપોરે ૧૨ કલાકે મહાપ્રસાદ અને સાંજે ૫ વાગ્યે ભજન કાર્યક્રમ યોજાશે જેનો લાભ લેવા સદગુરૂ કબીર સાહેબ આશ્રમ સાવરકુંડલાવતીસદગુરૂકબીરસેવાટ્રસ્ટના અધ્યક્ષ મહંતશ્રી નારાયણદાસ સાહેબે જણાવ્યું છે.

અકાળા

લાઠીના અકાળા ગામે અમરદાસ બાપુની મઢીએદરવર્ષનીજેમઆવખતેપણગઢડીયા હનુમાનજી આશ્રમ દ્વારા તા.૨૧ના રોજ ગુરૂપુર્ણિમા ઉજવાશે જેમાં સવારે ૮ વાગ્યે ચરણ પાદુકા પુજન, ગુરૂપુજન, ધજા પુજા યોજાશે પુજા વિધી આચાર્ય રાજુદાદા વ્યાસ , દિપેશભાઈ પંડયા કરાવશે. જેનો મત્સય ઉદ્યોગ મંત્રી પરશોતમભાઈ સોલંકી, શ્રી રામમનોહરદાસ બાપુ, નાથાભાઈ ખુંટ, જગદિશભાઈ લુખી, મુકેશભાઈ ડોંડા, સરપંચ કલપેશભાઈ લુખી, યુવરાજભાઈ ધાધલ, કાળુભાઈ સાવજ, જગદિશભાઈ લુખીતથામુંબઈઅમદાવાદ, સાવરકુંડલાના ભાવિકજનો હાજર રહેશે. રાત્રીના સંતવાણીમાં શૈલેષ મહારાજ બારપટોળી, પરેશભાઈ વસોયા, નાગદાનભાઈ ગઢવી અને કલાકારો સંતવાણી ડાયરાની રમજટ બોલવશે. મહાપ્રસાદ સહિતના કાર્યક્રમોનો લાભ લેવા જણાવ્યું છે. અમરદાસ બાપુની મુર્તિ પુજા વિધી શ્રી અમરદાસબાપુ ધુન મંડળના ભાવિકોની હાજરીમાં આકાળા ગામે કરાશે. તેમ જણાવ્યું છે.

## જિલ્લાભરમાં ગુરૂપુર્ણિમા પર્વે અનેક ભાવિકો ઉમટી પડશે ઠેર ઠેર કાર્યક્રમોમાં ગુરૂ પ્રત્યે અહોભાવ વ્યકત કરાશે : રાજુલા વૃંદાવન બાગમાં પર્વની ઉજવણી

રાજુલા

રાજુલાતાલુકાનાવૃંદાવનબાગમાંજગ્યાના મહંત૧૦૦૮અધ્યક્ષશ્રીનીરમોહીઅખાડા તારીખ ૨૧ નેરવિવારનારોજ ગુરુપુનમના દિવસેસવારમાંઆઠતરીકેકલાકેગુરુપૂજન કાર્યક્રમનુંઆયોજનજેમાંકુંજનમાંસંતોશ્રી રાધા રામજી શ્રી રામ રણ દાસજી શ્રી સંત શ્રી શિરોમણી શ્રી સીતારામ બાપુ તથા કિશોરદાસ બાપુ તથા લાલદાસ બાપુ નિસરણ પાદુકા નું પૂજન કરવામાં આવશે ત્યારબાદ બપોરના મહા આરતી અને મહાપ્રસાદ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું આ અંગે રાજેન્દ્ર બાપુનો સંપર્ક કરતા જણાવ્યું છે કે ૨૦૦૦ ૨૫ નું ભવ્ય મહાકુંભ મેળો નું આયોજન બેઠક પ્રયાગરાજ બા સંતોની ઉપસ્થિતિમાં સતવા બાબા તથા અનેક સંતો દ્વારા આયોજનની તળાવમાંની બેઠકરાખવામાં આવે છે આ મહા કુંભ મેળો ૧૫વર્ષેયોજાતોહોવાથીદેશ-વિદેશનાસંતો આવતા હોવાથી આયોજનની તડા માર માં તૈયારીઓ ચાલી રહી છે આમ છતાં ગુરુ પુનમના દિવસે વૃંદાવન રામપરા ખાતે ગુરુ પુનમ ના દિવસે મહંત ૧૦૦૮ નિર્મોહી અખાડા અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર બાપુ ખાસ ઉપસ્થિત રહેશે અને ધાર્મિક જનતાને જાહેર આમંત્રણ પાઠવ્યું છે

### સેવાભાવી સંસ્થા ગાયત્રી પરીવાર દ્વારા

# ચલાલા સર્વજ્ઞાતિ સમુહલગ્નોત્સવ યોજાશે

## વહેલા તે પહેલાના ધોરણે સમુહ લગ્ન નોંધણી કાર્ય શરૂ : દર વર્ષની જેમ આ વર્ષે પણ ભવ્ય આયોજન



ચલાલા,(પ્રકાશ કારીયા)

ચલાલા યુગ નિર્માણ ગાયત્રી પરીવાર ટ્રસ્ટ દ્વારા ગાયત્રી સંસ્કારધામ ધારીરોડચલાલામાંતા.૧૬-૨-૨૦૨૫ના સર્વજ્ઞાતિય સમુહ લગ્નોત્સવ રવિવારના આયોજન કરેલ છે. આ સમુહ લગ્નોત્સવનું નોંધણી કાર્ય શરૂ છે. તો દરેક જરૂરીયાતમંદલોકોને વહેલા તે પહેલાના ધારણે સમુહ લગ્નોત્સવનો લાભ લેવા પુ. રતિદાદાએ જણાવ્યું છે.સંતો મહંતોના રૂડા આશીર્વાદ સાથે સમુહ લગ્નોત્સવમાં જોડાનાર દરેક દિકરીઓને જુદા જુદા દાતાશ્રીઓ તરફથી કરીયાવર રૂપે ૧૩૦ વસ્તુઓ આપવામાં આવશે. લગ્ન પછી કુંવરબાઈનુંમામેરું૧૨૦૦૦અનેસાતફેરા સમુહ લગ્નના ૧૨૦૦૦ મળે તેના કાગળોની વ્યવસ્થા કરવામાં આવશે.સમુહ લગ્નમાં જોડાવા વર અને કન્યાના જન્મતારીખના ઓરીજનલ દાખલા, આધારકાર્ડ, પાસપોર્ટ સાઈઝના ફોટા બે સાથે લાવવાના રહેશે.

### કચ્છમાં મેઘ મહેર, ગાંધીધામમાં મિની વાવાઝોડુ ફુંકાયું, અબડાસામાં વિજળી પડતાં ૨૩ બકરાના મોત, ભુજ , અંજાર, ગાંધીધામમાં તોફાની બેટિંગ : ગામમાં પાણી ભરાયાં : જળબંબાકાર

### અવસાન નોંધ

ઉના

ગં.સ્વ.પ્રભાબેન વામનરાય ગઢીયા(ઉ વષે -૯૩) જે સ્વ.વામનરાય છગનલાલ ગઢીયા ના ધર્મપત્ની તથા દક્ષાબેન,સાધનાબેન અને હીનાબેન ના માતુશ્રી તથા બિપીનભાઈ અને મુકેશભાઈ ગઢીયા (કેડલપાનવાળા) ના કાકી અને મહેન્દ્રભાઈ, વિપુલભાઈ,નીતિનભાઈ ગઢીયા ના ભાભુનું આજરોજ દુઃખદ અવસાન થયેલ છે જેમની સ્મશાન યાત્રા આવતી કાલે તા.૧૬/૭/૨૦૨૪ ના મંગળવાર ના સવારે ૯ કલાકે એમના નિવાસ સ્થાને ટેલિફોન એકસચેન્જ ની સામે,વરશીગપુર રોડ થી નીકળશે.

### પ્રાથમિક સુવિધાઓનું નિરાકરણ નહી થાય તો કચેરી સમક્ષ પ્રતિકધરણા કરાશે

# અમરેલીમાં પાલિકાના વોર્ડ વિસ્તારમાં પ્રાથમિક સુવિધાઓનો સદંતર અભાવ

## પુર્વ પ્રમુખ રફીકભાઈ મોગલ દ્વારા ચીફ ઓફીસરને રજુઆત



અમરેલી, અમરેલી નગરપાલિકાના કસબાવાડ , વાંઝાવાડ, જીવાપરા, ભરવાડવાસ, તાઈવાડા, ખત્રીવાડ જેવા વિસ્તારતથામોટીહવેલીવિસ્તારતથાતમામ વિસ્તારમાં મોટાભાગની સ્ટ્રીટ લાઈટ બંધ હોય.નિયમિતસફાઈ કામગીરીથતીનહોય. નગરપાલિકા વોર્ડ વિસ્તારમાં સતાધારી ભાજપ પાર્ટીના સતાધીશોને લોકોએ પ્રચંડ બહુમતી મળવાના નાતે લોકોની પ્રાથમિક સુવિધાઓપુરીપાડવામાંતમામરીતેનિષ્ફળ ગયેલ છે.ઉપરોકત પ્રશ્ને કોગ્રેંસ પક્ષના અગ્રણી અને પુર્વ પાલિકાના પ્રમુખ રફીકભાઈ મોગલ દ્વારા ચીફ ઓફીસરને રજુઆત કરી છે. અને વધુમા જણાવેલ ઉપરોકતફરિયાદનુંનિરાકરણનહીકરવામાં આવે તો નગરપાલિકા કચેરી સમક્ષ પ્રતિધરણાનો કાર્યક્રમ કરવા ફરજ પડશે.

# અમરેલી નવજીવન જનરલ હોસ્પિટલને શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ બદલ એવોર્ડ મળ્યો

## નેશનલ હેલ્થકેર ઓનર કોન્કલેવમાં અમદાવાદ ખાતે એવોર્ડ અપાયો





અમરેલી,અમદાવાદમાં નેશનલ કક્ષાનો કોન્કલેવ સેમીનાર નેશનલ હેલ્થકેર ઓનર કોન્કલેવ યોજવામાં આવ્યો હતો. જેમાં સમગ્ર દેશમાંથી ૧૦૦૦ કરતા વધારે હેલ્થકેર-હોસ્પિટલ સાથે સંકળાયેલ તબીબો ,મેનેજમેન્ટ, વગેરેએ લાભ લીધો હતો. આ કોન્ફેરન્સમાં નેશનલ તથા ઈન્ટરનેશનલ ૬૦ કરતા વધારે હેલ્થકેર ક્ષેત્રે નિષ્ણાંત મહાનુભાવોએ હેલ્થકેર તેમજ હોસ્પિટલોમાં વધારે સારી સુવિધાઓ મળી રહે,સસ્તી અને સારી સારવાર મળી શકે તથા ભવિષ્યને ધ્યાનમાંરાખીનેવિશ્વસાથેઆરોગ્યક્ષેત્રેકદમ મીલાવીશકીએતેમાટેજરૂરીતમામમાર્ગદર્શન આપ્યુંહતું. આ કાર્યક્રમમાં આરોગ્યક્ષેત્રે સારી સુવિધાઓઆપનારહોસ્પિટલોનાએવોર્ડદ્વારા સન્માનિતકરવામાંઆવ્યાહતા. જેમાંઅમરેલી જીલ્લામાંથી નવજીવન જનરલ હોસ્પિટલની પસંદગી કરવામાં આવી હતી.આ તમામ પસંદગી હોસ્પિટલ દ્વારા પોતાના વિસ્તારમાં આરોગ્યક્ષેત્રે આપેલ યોગદાન અનુસંધાને યોગ્યરીવ્યુમેળવીનેકરવામાંઆવીહતી. તેમા નવજીવન જનરલ હોસ્પિટને ઉતમ અને આરોગ્યસેવાઓબદલએવોર્ડતથાપ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.આ એવોર્ડ સન્માનમાંહોસ્પિટલનાસી.ઈ.ઓ.ડો.દિનેશ બોરડ,એનેસ્થેસ્ટીક ડો. પંકજચાવડા, એડમીન દિલિપકથીરીયાએભાગલીધોહતો.નવજીવન જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલ છે. જેમા છેલ્લા એક દાયકાથી ખુબ સારી આરોગ્ય સેવાઓ મળી રહે છે. મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ હોવાથી તમામ પ્રકારનીસારવારએકજહોસ્પિટલમાંઉપલબ્ધ છે.વળી તમામ સારવાર રાહતદરે આપવામાં આવે છે.અને સરકારશ્રીની યોજના અંતર્ગત લગભગ તમામ પ્રકારના ઓપરેશન પણ વિનામુલ્યેકરવામાંઆવેછે.હોસ્પિટલનીસૌથી મોટીઉપલબ્ધીએછેકેશ્રેષ્ઠસારવારઅનેઉતમ કોર્પોરેટ કક્ષાની સુવિધાઓ આપવા છતા પણ રાહતદરે તમામ સેવાઓ કાર્યરત છે. હોસ્પિટલમાં જનરલ મેડીસીન, ઓર્થોપેડીક, સ્ત્રી રોગ, જનરલ સર્જરી, યુરોલોજી, ડાયાલીસીસ, એકસ રે , કાર્ડીયોગ્રામ, સોનોગ્રાફી, લેબોરેટરી, મેડીકલ જેવી તમામ સુવિધાઓ છે.અને ભવિષ્યમાં પણ અમરેલી જીલ્લાના દર્દીઓને સર્વશ્રેષ્ઠ સારવાર અને આધુનિક સુવિધાઓ રાહતદરે મળી રહે તેવા તમામ તમામ પ્રયત્નો કરવા માટે હોસ્પિટલ મેનેજમેન્ટ કટીબધ્ધ છે.

# વડિયા તાલુકાના મધ્યાહન ભોજન યોજનાના કર્મીઓની બેઠક મળી

## તાલુકાના નવા હોદેદારોની નિમણુંકોને સર્વત્ર આવકાર

દામનગર ,(વિનોદભાઈ જયપાલ)

વડિયા તાલુકાના મોટી કુંકાવાવમાં મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓની એક મીટીંગ જીલ્લા પ્રમુખ મુકેશભાઈ મેતલીયાના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં તાલુકાના હોદેદારોની વરણી કરવામાં આવી હતી.તાલુકા પ્રમુખ તરીકે સેજલબેન એમ.કાથરોટીયા, ઉપપ્રમુખ ખોડાભાઈ સોલંકી, કારોબારીસભ્યોમાં અરૂણાબેન ગઢીયા, મીનાક્ષીબેન હિરાણી, નીરૂપમાબેન રાછડીયા, સ્મિતાબેનપીઠડીયા, ગીતાબેનદેવાકર, મીનાબેન દાફડાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.આ મીટીંગમાં મ.ભો.યો. કર્મચારી સંઘ (ગુ.રા.)ના મહામંત્રી હસુભાઈ જોષી, અમરેલી જીલ્લા મ.ભો.યો. કર્મચારી મંડળના ઉપપ્રમુખ હંસાબેન હરીયાણી ઉપસ્થિત રહેલ.અને મ.ભો.યો.ને લગતા પડતર પ્રશ્નોની વિગતવાર ચર્ચાવિચારણા કરી હતી. અને વડિયા તાલુકાના પ્રશ્નો અંગે સત્વરે મંડળ સાથે લેખિતમાં રજુ કરવાનું નકકી કરવામાં આવેલ તેમ જીલ્લા પ્રમુખ મુકેશભાઈ મેતલીયાની યાદીમાં જણાવાયું છે.

# અમરેલી શહેરના સારહિ તપોવન આશ્રમમાં શ્રી ગાયત્રી યજ્ઞ યોજાયો

## કમલેશભાઇ ટાંક પરિવારે ગાયત્રી યજ્ઞમાં આહુતિ આપી



અમરેલી,સારહી યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત ‘નિરાધાર નો આધાર‘ સારહિ તપોવન આશ્રમ ખાતે તા. ૧૪/૦૭/૨૦૨૪ નાં રોજ પ્રિસિશન ટેલિકોમ કમલેશભાઈ ટાંક ના સહ પરીવાર ને ગાયત્રી યજ્ઞ મા બેસવાનો લા મળ્યો અને યજ્ઞ વિધી કરેલ સારહી તપોવન આશ્રમ માં રહેતા તપસ્વીઓએ યજ્ઞ મા આહુતિ આપી. (ગાયત્રી શકિત પીઠ અમરેલી માંથી ગીતાબેન બાવીશી એ ગાયત્રી યજ્ઞ કરાવ્યો) સારહી યુથ કલબ ઓફ અમરેલી પ્રમુખ શ્રી મુકેશભાઈ સંઘાણી તથા સારહી પરિવાર દ્વારા હૃદય પૂર્વક આભાર માનવામાં આવેલ.

# અમરેલીમાં સારહિ તપોવનના તપસ્વીઓને ભોજન કરાવી પોતાનો જન્મદિન ઉજવ્યો

## ત્રાપસિયા પરિવાર દ્વારા રૂા. ૩૦૦૦નુ અનુદાન અપાયું



અમરેલી,સેવાનેસરનામે—ઉમળકાસાથેતા. ૧૪-૦૭-૨૦૨૪ નાં રોજ શ્રી જયભાઈ રમેશભાઈ ત્રાપસિયા ના જન્મ દિવસ નિમિતે સારહિ યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમ માં રહેતા તપસ્વીઓ ને ભોજન પ્રસાદ કરાવીને સાથો સાથ રૂ . ૩,૦૦૦/- નુ અનુદાન પણ આપવામાં આવેલ આ અવસરે ત્રાપસીયા પરિવાર જતીનભાઈ સાવલિયા તથા તેમના મિત્રો ઉપસ્થીત રહેલ સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી સંસ્થા ની પ્રગતિ અંગે સારહી તપોવન આશ્રમ નાં સ્વપ્ર દ્રષ્ટા - પ્રમુખ શ્રી મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવાર ને શુભકામનાઓ પાઠવી.સારહિ પરિવાર વતી હૃદયપૂર્વક આભાર માનવામાં આવેલ.

# ઉનામાં પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક મળી



ઉના,

આગામી દિવસોમાં હિન્દુ અને મુસ્લિમ સમાજના તહેવારો હોય, તહેવારો ને અનુલક્ષીને પીઆઈ મયુરસિંહ રાણા દ્વારા શાંતિ સમિતિ નું બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આગામી દિવસોમાં મહોરમ હોય હિન્દુ સમાજ અને મુસ્લિમ સમાજના અગ્રણીઓ હાજર રહ્યા હતા. શાંતિ અને ભાઈચારા થી તહેવારો ઉજવાય તે બાબતે પીઆઈ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.સોશિયલ મીડિયા ની અફવાઓ થી દુર રહેવું અને કાયદો અને વ્યવસ્થા જળવાય તે બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું.આ મિટિંગ માં હિન્દુ સમાજ ના આગેવાનો માં કોળી સમાજ ના યુવા આગેવાન રસિક ચાવડા,પત્રકાર માવજીભાઈ વાઢેર, મધુવન ન્યુઝના તંત્રી નીરવ ગઢીયા,મુસ્લિમ સમાજ ના આગેવાન યુસુફ તવકલ,અબ્બાસ ભાઈ સુમરણી,માસૂમ ભાઈ તથા સમાજ અગ્રણીઓ ઉપસ્થિત રહિયા હતા.

# સાવરકુંડલામાં રેઢીયાળ પશુઓનો ત્રાસ દુર કરો

## જેસર અમરેલી રોડ પર ગાયોનો જમાવડો અકસ્માત સર્જશે



સાવરકુંડલા,સાવરકુંડલા શહેરમાં રેઢિયાર પશુઓ ખાસ કરીને ગૌમાતાઓ આમતેમ ભટકી રહી છે શહેરના મુખ્ય રસ્તાઓ પોસ્ટ ઓફિસ રોડ એસટી બસ સ્ટેશન રોડ જેસર રોડ અને અમરેલી રોડ ઉપર મોટી સંખ્યામાં ગાયોનો જમાવડો વધી રહેલો જોવા મળે છે અને હવે તો સૌથી મહત્વની અને નવાઈની વાત એ છે કે એસટી બસ સ્ટેશનમાં પણ ગૌમાતાઓ હરતી ફરતી દેખાય છે કેટલાક લોકો રમૂજ કરીને એવું પણ કહે છે કે સાવરકુંડલામાં ગૌમાતા માટે સલામત જગ્યા ન હોય તેવો કદાચ એક ગામથી બીજે ગામ જવા માટે એસટી બસ સ્ટેશનમાં પહોંચી ગઈ હોય તેવું લાગે છે આ ગૌમાતા નું નિયંત્રણ કરવા માટે પાલિકા તંત્ર યોગ્ય વ્યવસ્થા કરે અને અવારનવાર આખલાની લડાઈઓ થતી તેમજ કેટલીક ગાયોની ઢીક કે મહિલાઓને પુરુષો ભોગ બની રહ્યા છે તેને બચાવવા માટે ગંભીરતા લે અને યોગ્ય નિર્ણય કરી ન્યાયપૂર્વક કાર્યવાહી કરે તેવી લોક માંગણી ઉઠવા પામી છે.

### સરદાર એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત

# ચલાલાની સમર્પણ આર્ટસ કોમર્સ કોલેજમાં વેલકમ કાર્યક્રમ યોજાયો

## વિદ્યાર્થીઓને વેલકમ કરીને સત્કારતા ધારાસભ્યશ્રી જે.વી. કાકડીયા



અમરેલી,સરદાર એજ્યુકેશન ટ્રસ્ટ દવારા સંસાલીત સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ચલાલા ના પ્રથમ દિવસે વિધાર્થીઓને વેલકમ કરીને સત્કારતા ધારાસભ્ય શ્રી જે.વી.કાકડીયા. આ પ્રસંગે પૂ મહાવીરબાપુ, પૂ ક્રિષ્નાદીદી, ઉદયભાઈ ભગત, કોકિલાબેન કાકડીયા,મહેન્દ્રભાઈ સાદરાણી, બાબભાઈ વાળા,પ્રકાશભાઈ કારીયા, હિમતભાઈ ડોંગા, રાજુભાઈ આચાર્ય, ભઈલુભાઈ વાળા, મનસુખભાઈ, અવિરતભાઈ માલા, રાજુભાઈ વાળા, બાલાંબાપુ દેવમુરારી, રસિકભાઈ મકદાની, નાનાજી હિરપરા, હિતેશભાઈ રામાણી, પ્રદીપભાઈ પુરોહિત, આચાર્યશ્રી દમયંતિબેન સહિતના મહાનુભાવો અને અગ્રણીઓ ઉપસ્થિત રહેલ અને વિધાર્થીને આવકાર આપેલ.

## પહેલા પાનાનું આસુરાનાં પવ

વહોરી લીધાની દુ:ખભરી ઐતિહાસિક ઘટનાનાં શોકમાં આજે અમરેલી જિલ્લામાં તાજીયા ઈમામખાનામાંથી બહાર આવી ગયેલ છે અને રાત્રીનાં જુલુસ રૂપે તાજીયા રાબેતા મુજબ ફરશે. જેમાં અમરેલી ચાંદની ચોક, બહારપરા, જયહિન્દ ટોકીઝ પાસે, તેમજ શાહગોરાની ડેલી અને કસબામાં તાજીયાનાં જુલુસ નિકળશે. ખાસ કરીને કરબલાનાં શહીદોની સ્મૃતિમાં આ માસમાં તાજીયા બનાવવામાં આવે છે અને તે ૯મી મહોરમનાં જાહેર દર્શને મુકાય છે અને એજ રાતે જાહેરમાં ફરે છે. કાલે બુધવારે સવારે માતમમાં આવશે. કરબલાનાં શહીદોની સ્મૃતિમાં મુસ્લિમ વિસ્તારમાં સળંગ દસ રાત્રી હુસૈની મજાલીસો યોજાય છે અને ઠેર ઠેર શબીલો બનાવી તેના દ્વારા ખાણીપીણીની વસ્તુઓ વિના ભેદભાવે વિતરણ કરવામાં આવી હતી અને હુસૈની મજાલીસોમાં પણ ભાઈઓ બહેનો મોટી માત્રામાં ઉમટી વાએજ સાંભળી રહ્યાં છે. મસ્જીદોમાં વિશેષ નમાજ સાથે દુઆ કરવામાં આવી હતી અને કબ્રસ્તાનમાં ઉમટી લોકો શ્રાધ તર્પણનાં અનેક કાર્યક્રમો સાથે કરબલાનાં શહીદોને શ્રધ્ધાંજલી પાઠવી હતી. અમરેલી ચાંદની ચોકમાં સદભાવનાં ગૃપ દ્વારા અજીજભાઈ ગોરી તથા નવાબભાઈ ગોરી દ્વારા શબીલની વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ. મુસ્લિમ આગેવાનો દ્વારા શરબત વિતરણ, ન્યાજ તકસીમ જેવા કાર્યક્રમો યોજાયા હતાં. પોલીસ દ્વારા ચુસ્ત બંધોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

રાજુલા શહેરમાં આવેલ અબ્બાસી હોલ ખાતે ખોજા શિઆ ઈસના અસરી સમાજ દ્વારા મહોરમની આઠમી રાત નિમિતે હઝરત ઈમામ હુસેનની શહાદત નિમિતે શ્રધ્ધાજંલી કાર્યક્રમ યોજાયો. મહોરમની આઠમી રાતના રોજ હઝરત અબ્બાસની શહાદત મનાવનામા આવે છે. જેને લઈ પંજાનું કાઢવામા આવે છે તેમજ માતમનો પર્વ મનાવી શહિદોને શ્રધ્ધાજંલી આપવામા આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ આઠમી રાતના રોજ એકતાના સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો અલ્લમના પંજાને ફુલહાર પહેરાવી હઝરત ઈમામ હુસેનને શ્રધ્ધાજંલી અર્પણ કરવામા આવી હતી. સાથોસાથ પંજાના ઝુલુસનુ આયોજન કરવામા આવ્યું હતું. આ તકે પૂર્વ ધારાસભ્ય અંબરીષ ડેર, બકુલભાઈ વોરા, જીજ્ઞેશભાઈ ત્રિવેદી મહેન્દ્રભાઈ ધાખડા, ઠક્કર, અક્ષયભાઈ ધાખડા, રવીરાજ ભાઈ ધાખડા, આરીફભાઈ જોખીયા, રાજુભાઈ જોખીયા, કિશોરભાઈ ધાખડા સહિત હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનો, પત્રકારો હાજર રહ્યાં. અને કોમી એકતાનું પ્રતિક જોવા મળ્યુ. આ સમગ્ર કાર્યક્રમનુ આયોજન ખોજા સમાજ પ્રમુખ આશીફભાઈ મુની, સુલતાનભાઈ માસ્તર, માસુમભાઈ કમાણી, સીરાજભાઈ લાખાણી, આરીફભાઈ ઝેન, મીસમભાઈ નુરાણી, નાશીરભાઈ જમાણી, અલ્તાફભાઈ રૂપાણી તથા કે.એસ.આઈ જમાત રાજુલા દ્વારા જહેમત ઉઠાવી હતી આ કાર્યકમ માં તમામ સમાજના લોકો હાજર રહેલા.

## પોણા બે લાખનો દંડ

શાખાનાં કર્મચારીઓનાં પગાર અને એજન્સીનું બીલ સહિત કુલ રૂગ.:૦.૦૦ લાખ જેટલું જ થાય છે. રૂગ.૧.૫ કરોડની રકમ નગરપાલિકાની તમામ શાખાનાં કર્મચારીઓનાં પગાર તેમજ એજન્સીનાં બીલની રકમ સહિત થાય છે, ખરેખર રૂગ.૧.૫ કરોડનાં ખર્ચની રકમ આમજનતાને ગુમરાહ કરવાનો આંકડો છે.

નગરપાલિકા નિયામકશ્રી બાદ સફાઈની જવાબદાર એજન્સી સામે દંડનીય કાર્યવાહી કરી રૂ.૧.૮૦ લાખ દંડ ફટકારવામાં આવેલ છે. સાથોસાથ શહેરમાં [નિયમીત સફાઈ, ડોર હું ડોર ક્ચરા કલેક્શન અને કચરાનાં સ્પોટ નિકાલ કરવામાં આવી રહેલ છે. વિરોધપક્ષનાં મિત્રો ખોટી પ્રસિધ્ધી હાંસલ કરવા હવાતિયાં મારી રહેલ છે. ભ્રષ્ટાચારનાં આક્ષેપો તદન પાયાવિહોણા છે. ભ્રષ્ટાચાર સાબિત તો જાહેર જીવન છોડી દેવા તૈયાર છું. સફાઈ એજન્સીની નબળી કામગીરી અંગે જવાબદારોને નોટીસો આપી રૂગ.૧.૮૦ લાખનો દંડ ફટકારવામાં આવેલ છે અને એજન્સીને નોટીસ આપી તાકીદ કરવામાં આવેલ છે કે, એજન્સી દ્વારા થયેલ કરાર મુજબ કામગીરી કરવામાં નહીં આવે, તો હાલની કાર્યરત એજન્સી ૨૬ કરી નવી ઓનલાઈન ટેન્ડર પ્રક્રિયા નવી એજન્સીની નિમણુંક કરવામાં આવશે.

શહેરીજનોની આરોગ્યલક્ષી સુખાકારી અર્થે કોઈ પ્રકારની એજન્સીની બેદરકારી સાખી લેવામાં નહીં આવે, તેમજ અરજદારોને પોતાની ફરીયાદ અંગે નગરપાલિકા કચેરીએ ન આવવું પડે તે અંગે એક હેલ્પલાઈન નંબર (૦૨૭૯૨)૨૨૯૨૨૨ શરૂ કરવામાં આવેલ છે. જેમાં, આરોગ્યલક્ષી ફરીયાદો નોંધાવી શકશે, તેમજ ભૂગર્ભ ગટરલક્ષી ફરીયાદ નં.૬૩૫૪૬ ૭૮૪૦૩ નોધાવી શકશે. તેમ બિપીનભાઈ એસ. લીંબાણી પ્રમુખ અમરેલી નગરપાલિકા અમરેલીએ જણાવ્યું છે.

## સાંસદશ્રી ભરત સુતરીયા

વાઈઝ કુલ-૩૪ ગામોમાં યોજાયેલ 'સર્વરોગ નિદાન કેમ્પો'માં કુલ-૭૦૬૯ જરૂરીયાતમંદ લાભાર્થીઓએ લાભ લીધેલ હતો. આ ઉપરાંત આયુષ્યમાન નવા કાર્ડ કુલ-૪૫૪ રિન્યુયલ કાર્ડ કુલ-૨૧૯ અને આભા કાર્ડ કુલ-૨૧૯ તેમજ આધાર કાર્ડ કુલ-૮૨ આપવામાં આવેલ. આ સર્વરોગ નિદાન કેમ્પમાં આયુર્વેદ દવા તથા ઉકાળાનું વિતરણ પણ કરવામાં આવેલ. આ ઉપરાંત માતાઓને પોષણકીટનું વિતરણ કરવામાં આવેલ.

## પાના નં. ૮નું વરસાદ

વિસ્તારોમાં ધીમીધારે એક ઈંચ જેવો વરસાદ પડ્યાનું હસુભાઈ રાવળે જણાવ્યું હતું. ડેડાણમાં અને આસપાસનાં ગામોમાં ગઈ કાલે રાત્રીનાં વરસાદ પડ્યા બાદ આજે બીજા દિવસે બપોરે ડેડાણ, નીંગાળા, વાંગધ્રા, માલકનેશ, મુંજીયાસર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યાનું બહાદુરભાઈ હિરાણીએ જણાવ્યું હતું. અમરેલી તાલુકાનાં ચિત્તલમાં અને આસપાસનાં ગામોમાં વરસાદનું ઝાપટુ પડ્યું હતું. જ્યારે ગઈ કાલે ચિત્તલમાં દોઢ ઈંચ જેવો વરસાદ પડ્યાનું હરેશભાઈ ધંધુકીયાએ જણાવ્યું હતું. કુંકાવાવમાં અડધો ઈંચ વરસાદ પડ્યાનું કિર્તીભાઈ જોષીએ જણાવેલ. લીલીયા શહેરમાં વરસાદનું હળવુ ઝાપટુ પડ્યાનું મહેશભાઈ દવેએ જણાવેલ. વડીયા શહેરમાં અડધો ઈંચ જેવો વરસાદ પડ્યાનું ભીખુભાઈ વોરાએ જણાવેલ. અમરેલી તાલુકાનાં ફતેપુર, પીઠવાજાળ, રાજસ્થળી, વિઠલપુર ખંભાળીયામાં અડધો ઈંચ વરસાદ પડ્યો હતો. જ્યારે ગઈ કાલે રાત્રીનાં ધોધમાર બે ઈંચ વરસાદ પડ્યાનું સતિષ રાઠોડે જણાવ્યું હતું. મોટા આંકડીયામાં વરસાદનાં હળવા ઝાપટા પડ્યાનું મનોજ ત્રિવેદીએ જણાવ્યું હતું. અમરેલી જિલ્લા ફ્લડ કન્ટ્રોલ રૂમમાં નોંધાયેલ આંકડામાં વડીયા ૧૫ મીમી, બાબરા ૪ મીમી, લીલીયા ૩ મીમી, અમરેલી ૪ મીમી, બગસરા ૩૪ મીમી, ખાંભા ૮ મીમી, જાફરાબાદ ૨ મીમી, રાજુલા ૩ મીમી વરસાદ નોંધાયો હતો.

## અમરેલીમાં એડમિશન

કરવામાં આવેલ છે. સદર કોલેજમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક વિધ્યાર્થીઓ એ ચાલુ વર્ષની ગુજકેટ પરીક્ષા આપેલી હોવી જોઈએ. પ્રવેશ પ્રક્રિયા માટે ધોરણ વરના બી / એબી - ગ્રુપના થીયરી વિષયોના (ફિઝિક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી અને મેથેમેટીક્સ) કુલ ગુણના અને ગુજકેટમાં મેળવેલા કુલ ગુણના ૪૦% ના આધારે મેરીટ યાદી તૈયાર કરી પ્રવેશ આપવામાં આવશે. પ્રવેશ મેળવવા માંગતા વિધ્યાર્થીઓએ યુનિવર્સિટીની વેબસાઈટ (https://Goau. gujarat. gov.in) પર જઈ ઓનલાઈન ફોર્મ ભરી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. ગુજરાત સરકારશ્રી દ્વારા ઝેરમુક્ત ખેતી તથા પ્રદૂષણ મુક્ત પ્રાકૃતિક ખેતીને ઉતેજન આપવાના હંતુથી ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી હાલોલ સ્થાપના કરવામાં આવેલ છે. ઉપરોક્ત બંને નવી કોલેજોમાં ચાલુ વર્ષથી અભ્યાસક્રમ શરૂ કરવામાં આવેલ છે.

જેમાં ચાલુ વર્ષથી વિધ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. પ્રવેશ લેનાર તમામ વિધ્યાર્થીઓને શિક્ષણની સાથે શુધ્ધ વાતાવરણમાં હોસ્ટેલ તેમજ પ્રાકૃતિક ભોજન આપવામાં આવશે. આ વિશ્વવિધ્યાલયમાં ગૌશાળા અને બાયો ઈનપુટ લેબ પણ વિકસાવવામાં આવેલ છે. બંને પ્રવેશ મેળવનાર સ્નાતક કક્ષાના વિધ્યાર્થીઓને પ્રાકૃતિક કૃષિમાં અભ્યાસ, પ્રાકૃતિક ખેતીમાં વિવિધ બાયો-ફોર્મ્યુલેથન જેવા કે બીજામૃત, જીવામૃત, ધન જીવામૃત બનાવી મહંત્તમ ઉત્પાદન તથા ગૂણવતાયુક્ત ઉત્પાદન પ્રાપ્ત કરવું, પ્રાકૃતિક કૃષિ દ્વારા આબોહવા સ્થિતિસ્થાપક ટેકનોલોજી વિકસિત કરવી વગેરે જેવા વિષયોનું જ્ઞાન આપી ચાર વર્ષની ડિગ્રી પ્રદાન કરવામાં આવશે. તેમ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડો. કે. ટીંબાડિયા દ્વારા જણાવવામાં આવેલ છે.

---

**મામલતદાર અને તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, બાબરા**

**જન્મ/મરણ પરચુરણ અરજી નં.૦૧/૨૪...............તા.૦૬-૦૭-૨૦૨૪**

વિવાદી :- શ્રી કિશોરભાઈ નટવરલાલ મકવાણા રહે.અમરાપરા, બાબરા

વિરૂધ્ધ...પ્રતિવિવાદી : જન્મ મરણ નોંધણી અધિકારી નગરપાલીકા બાબરા

અરજદારના વિ.વ.શ્રી હિતેષભાઈ એમ. મીઠાપરા

**જાહેર નોટીસ**

(જન્મના દાખલા માટે)

આથી લાગતા વળગતાને સર્વે આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે અમરાપરા ગામના રહીશ આ કામના અરજદારશ્રીના બહેન રૂપલબેન નટવરલાલ મકવાણાનો જન્મ તા.૨૮-૦૯-૧૯૭૨ ના રોજ મોજે બાબરા તા.બાબરા, જી.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય / જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૪-૦૬-૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૪-૦૭-૨૦૨૪ ના રોજ બપોરના ૧૨:૩૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**બાબરા**

---

**મામલતદાર અને તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, બાબરા**

**જન્મ/મરણ પરચુરણ અરજી નં.૧૫/૨૪...............તા.૦૮-૦૭-૨૦૨૪**

વિવાદી :- શ્રી નારણભાઈ વાઘાભાઈ હેલૈયા રહે.લુણકી, તા. બાબરા

વિરૂધ્ધ...પ્રતિવિવાદી : તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત વાંકીયા, તા.બાબરા

અરજદારના વિ.વ.શ્રી આર. વી. મીઠાપરા

**જાહેર નોટીસ**

(મરણના દાખલા માટે)

આથી લાગતા વળગતાને સર્વે આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે લુણકી ગામના રહીશ આ કામના અરજદારશ્રીના માતાશ્રી મોતીબેન વાઘાભાઈ હેલૈયા મરણ તા.૨૫-૦૨-૧૯૮૯ ના રોજ મોજે વાંકીયા તા.બાબરા, જી.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય / મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૪-૦૬-૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામવાળાએ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૪-૦૭-૨૦૨૪ ના રોજ બપોરના ૧૨:૩૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**બાબરા**

---

**જાહેર હરરાજી**

**-:: ગોઢાવદર પ્રા.શાળાના જુના બિલ્ડીંગની હરરાજી ::-**

આથી રસ ધરાવતા તમામ ભાઈઓ અને બહેનોને જાણ કરવામાં આવે છે કે, લીલીયા તાલુકાની ગોઢાવદર પ્રા.શાળાના પાકા સ્લેબવાળા રૂમ-૨, પાકા નળીયા વાળા રૂમ-૨ (કુલ ચાર) જર્જરીત થતા તેના ઈમલાની જાહેર હરરાજી તા.૨૩-૦૭-૨૦૨૪, મંગળવાર, સમય :- બપોરના ૧૨:૦૦ કલાકે ગોઢાવદર પ્રાથમીક શાળાના મેદાનમાં રાખેલ છે. તેના ઈમલાની અપસેટ કીંમત ૪૩,૩૦૦/- રાખેલ છે. તો રસ ધરાવતા ઈસમોએ હરરાજીમાં ભાગ લેવા માટે ડીપોઝીટ પેટે રૂ.૧૦,૦૦૦/- અગાઉ જમાં કરવવાના રહેશે અને હરરાજી મંજુર થતા ૫૦% રકમ સ્થળ પર જ ભરવાની રહેશે. જ્યારે બાકીની શરતો સ્થળ પર સંભળાવવામાં આવશે. તો રસ ધરાવતા ભાઈઓએ અને બહેનોએ હાજર રહેવા જણાવવામાં આવે છે.

નોંધ :- હરરાજીમાં ભાગ લેનાર તમામ ભાઈઓએ આધારકાર્ડની ઝેરોક્ષ ફરજીયાત લાવવાની રહેશે.

| અધ્યક્ષ | આચાર્યશ્રી |
|---|---|
| શાળા વ્યવસ્થાપન સમિતિ | શ્રી ગોઢાવદર પ્રા.શાળા |
| ગોઢાવદર, તા.લીલીયા મોટા | તા.લીલીયા મોટા, જી.અમરેલી |

---

























---

**પ્રથમ વાર્ષિક પુણ્યતિથીએ**

**ભાવભરી શ્રધ્ધાંજલી**



**સ્વ. કિશોરભાઈ**
**બાલકદાસ દેવમુરારી**
સ્વ.તા. ૨૯-૦૭-૨૦૨૩
શનિવાર
સુદ અગિયારસ
મુ.ચલાલા

કોઈ ક્ષણ એવી નથી જે તમાર સ્મરણથી અલ્પીત ન હોય, કોઈ જગ્યા એવી નથી જ્યા તમારૂ વાત્સલ્ય ના હોય, કોઈ સફળતા એવી નથી જ્યા તમારા આર્શીવાદ ના હોય, આપના આર્શીવાદ થકી જ અમો સુખમય જીવન જીવી રહ્યા છીએ. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતી આપે એ જ અંતરની પ્રાર્થના......

લી.

બાળકદાસ રણછોડદાસ દેવમુરારી - પીતા
અનસુયાબેન બાળકદાસ દેવમુરારી - માતા
નરેન્દ્રભાઈ બાળકદાસ દેવમુરારી - ભાઈ
રાજેશ્રીબેન નરેન્દ્રભાઈ દેવમુરારી - ભાભી
વત્સલ નરેન્દ્રભાઈ દેવમુરારી - ભત્રીજા
વિલાસબેન બળદેવકુમાર અગ્રાવત - બહેન
રેખાબેન કનુકુમાર નિમાવત - બહેન
નયનાબેન બાળકદાસ દેવમુરારી - બહેન
રિધ્ધીબેન જયકુમાર લશ્કરી - ભત્રીજી
તથા ભાણીયા તથા ભાણકીઓ સહિત
સર્વો દેવમુરારી પરિવાર - ચલાલાના જય સીતારામ

---

રજી.સે.શ.૩૬૭૫૨ ॥ સત્યમેવ જયતે ॥ ઓડિટ વર્ગ 'અ'

**અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.**

ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯

**દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ**

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ માસ) | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | મંથલી બચત (૧૨ માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | | |

**આકર્ષક વ્યાજદરો**

**સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા**

- દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
- દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
- દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
- ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)

**વિશ્વાસ તમારો અને મહેનત અમારી**

**અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.**

• બાયપાસ બ્રાન્ચ •
સિલ્વર શાઈન કોમ્પલેકસ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.

• બાબરા બ્રાન્ચ •
સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯

• ધારી બ્રાન્ચ •
રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯

## બાલક્રિષ્ના ટ્રેકટર્સ

આયશર 188 (મીની) ટ્રેક્ટર
રૂા. ૨,૫૧,૯૯૯/-* સ્પે. ઓફર
ફક્ત રૂા. ૧ લાવો ટ્રેક્ટર ઘરે લઇ જાઓ
ગર્વમેન્ટ સબસીડી માન્ય



● પાવરફુલ એરકુલ્ડ એન્જીન
● ૧૦ સ્પીડ ગિયરબોક્સ
● તેલમાં ડુબેલી બ્રેક્સ
*શરતોને આધિન
રાજુલા, સાવરકુંડલા, અમરેલી મો. ૯૯૦૪૩૨૨૬૬૧/૬૪/૬૫



સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર આવૃતિ





## ખરજવાની જળો દ્વારા અપાતી અકસીર સારવાર



સુકા, તથા લીલા ખરજવા, ધાધર, શીળસ, ખુજલી, ખસ, લોહી, ગંઠાઈ જવું પાકી ગયેલ રસોળી, ગડગુમડ, સફેદ ડાઘ, સોરાયસીસ, સાંધાનો-વાનો માથાનો દુ:ખાવો, ખીલ, વાઢીયા, કરોળીયા, હર્પીસ, હરસ-મસા-ભગંદર, જેવા હઠીલા રોગોના જળો દ્વારા ખરાબ લોહી ચુસીને ૧૦૦% મટાડી શકાય છે.

+ કૈલાશ કલીનીક +
જળો દ્વારા કુદરતી ઉપચાર કેન્દ્ર
ડો. એલ.એલ. બાવળીયા B.A.M.S., M.D. (H.M.)
ડો. ભરત એલ. બાવળીયા B.A.S.M., M.D. (H.M.)
હનુમાન પરા રોડ, મોહન નગર, અમરેલી. ફોન :- (૦૨૭૯૨) ૨૩૨૫૭૫


## બાબરા પંથકમાં મેઘ મંડાણ, ધોધમાર બે ઇંચ ઉપર વરસાદથી સમઢીયાળા-નિલવડા રોડ બંધ, કાળુભાર, ઉંટવડની નદીમાં પુર

# અમરેલી જિલ્લાના નદી-નાળા છલકાવતો ધોધમાર વરસાદ

### સતત બીજા દિવસે પણ જિલ્લાભરમાં હળવા ભારે વરસાદનાં ઝાપટા : મૌલાતને ફાયદો : સાવરકુંડલાના આંબરડી, બગસરામાં સવા ઇંચ, અન્ય ગામોમાં ઝાપટા

### અમરેલીનાં બાબાપુર, મેડી, તરવડા, ગાવડકામાં ધીમીધારે એક ઇંચ : ડેડાણ, નિંગાળા, વાંગધ્રા, માલકનેસમાં ધોધમાર વરસાદ : ચિત્તલમાં જોરદાર ઝાપટુ



અમરેલી,
અમરેલી શહેર અને જિલ્લામાં આજે બીજા દિવસે સખત ઉકળાટ બાદ બપોર બાદ જિલ્લામાં હળવા ભારે વરસાદ પડ્યો હતો. સાવરકુંડલા તાલુકાનાં આંબરડીમાં હળવા ઝાપટા પડ્યાનું સુભાષભાઈ સોલંકીએ જણાવ્યું હતું. બાબરામાં વરસાદનું ઝાપટુ પડ્યાનું દિપકભાઈ કનૈયાએ જણાવ્યું છે. જ્યારે બગસરા શહેરમાં ધોધમાર સવા ઈંચ જેવો વરસાદ પડી જતા બજારોમાં પાણી વહેતા થયા હતાં અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયાનું રૂપેશભાઈ રૂપારેલીયાએ જણાવેલ. અમરેલી તાલુકાનાં બાબાપુર, મેડી, તરવડા, ગાવડકા જેવા ગ્રામ્ય

(અનુસંધાન પાના નં.૭)

## ખાંભાના ત્રાકુડા ડેડાણ વિસ્તારમાં દિપડાએ શ્વાનનો શિકાર કર્યો

### તુલસીશ્યામ પેટ્રોલિયમ ઉપર સીસીટીવીમાં કેદ થયો



ડેડાણ, (બહાદુર હિરાણી)
ખાંભાના ડેડાણ ત્રાકુડા રોડ ઉપર તુલસીશ્યામ પેટ્રોલિયમ વિસ્તારમાં એક દિપડાએ કુતરાનો શિકાર કર્યો હતો. તે સીસીટીવીમાં કેદ થયેલ પેટ્રોલ પંપના રાતપાળી સ્ટાફ સહિત ના લોકોમાં ડરનો માહોલ છવાઈ ગયો છે. પંપની બાજુમાં જ રાજવી સુરેશભાઈ કોટીલાનો રેહઠાંણ હોય દિપડાના ભયથી આ વિસ્તારમાં ડરનો માહોલ સર્જાયો છે. લાગતા વળગતા યોગ્ય કરે તેવી માંગ ઉઠી છે. તત્કાલ દિપડાને પાંજરે પુરવા વ્યવસ્થા કરવી જરૂરી છે.

### એડવોકેટ શ્રી અલ્પેશસિંહ જનવાર પાસેથી મિત્રતાને નાતે ઉછીના પૈસા લીધા હતાં

## ચેક રિર્ટન કેસમાં લાલાવદરના આરોપીને કોર્ટે એક વર્ષની સાદી કેદની સજા ફટકારી

### ચેકની મુળ રકમ ૧,૮૦,૦૦૦ તથા રૂા.૪,૮૬,૦૦૦ ચુકવવા કોર્ટે હુકમ કર્યો

અમરેલી,
ફરિયાદી એડવોકેટ અલ્પેશસિંહ જે. જનવારની પાસેથી હાથ ઉછીના વગર વ્યાજે રૂા. ૬,૬૬,૦૦૦ મિત્રતાના ધોરણે લાલાવદર ગામના આરોપી અતુલ બાબુભાઈ આખજાએ મેળવી એડવોકેટ અલ્પેશસિંહને રૂા.૧,૮૦,૦૦૦ તેમજ રૂા. ૪,૮૬,૦૦૦નો ચેક આપેલ જે ચેક બાઉન્સ થતાં આ કામના આરોપીએ ફરિયાદીને એકઝેકયુટીવ મેજીસ્ટ્રેટ અમરેલી સમક્ષ રૂા.૧૦૦ના સ્ટેમ્પ પેપર ઉપર લખાણ કરી આપેલ કે, આ રૂપિયા હું ૬૦ દિવસમાં ચુકવી આપીશ જે સમયે વીતી જવા છતાં રકમ ન આપતાં ફરિયાદીએ ચેક રિર્ટનની ફરિયાદ દાખલ કરેલ આ કેસમાં થર્ડ એડી. ચિફ. જયુડી મેજીસ્ટ્રેટ કોર્ટમાં કેસ ચાલી જતાં આ કામના સાક્ષીઓ, ફરિયાદી દ્વારા આ કામમાં આપેલ આધાર પુરાવાઓ અને હાઈકોર્ટ તેમજ સુપ્રીમ કોર્ટના જજમેન્ટ ઓર્ડરના આધારે આરોપીને એક વર્ષની સાદી કેદની સજા અને ચેકની મુળ રકમ કુલ રૂા.૧,૮૦,૦૦૦ તથા રૂા.૪,૮૬,૦૦૦ ચુકવવાનો હુકમ કરવામાં આવેલ છે.

### ગુજરાત સરકારની વિશ્વમાં પહેલ : નેચરલ ફાર્મીંગ સાયન્સ યુનિવર્સિટી દ્વારા

# વિશ્વમાં માત્ર હાલોલ અને અમરેલીમાં પ્રાકૃતિક કૃષિ કોલેજનો શુભારંભ : અમરેલીમાં એડમિશનનો પ્રારંભ

### અમરેલીમાં બીએસસી એગ્રી નેચરલ ફાર્મીંગના ચાર વર્ષનો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો : ડો. સી. કે. ટીંબડીયા



અમરેલી,
ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી ખાતે ચાલુ વર્ષે ૨૦૨૪-૨૫થી બી.એસ.સી. એગ્રી. (આઓનર્સ) નેચરલ ફાર્મિંગના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ૫૦ - ૫૦ વિદ્યાર્થીની પ્રવેશ ક્ષમતા ધરાવતી બે કોલેજો પૈકી એક અમરેલી ખાતે અને ગુજરાત ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીના વડામથક હાલોલ ખાતે ચાર વર્ષ અને ૧૮૫ ક્રેડિટનો અભ્યાસક્રમ શરૂ

(અનુસંધાન પાના નં.૭)


ફોર વ્હીલ સનેડા તથા થ્રી વ્હીલ સનેડા બનાવી આપશું.
મારો વિશ્વાસ મારી તાકાત
શ્રી ચામુંડા સનેડો ટ્રેકટર




શ્રી ચામુંડા એન્જીનીયરીંગ
અમરેલી રોડ, ખુશી રેસ્ટોરન્ટ ની બાજુમાં, મુ.ચિતલ, તા.જી. અમરેલી.
મનિષભાઈ પંડયા
91158 21111 97373 23402
www.shreechamundaengineering.in



કલરવ હોસ્પિટલ
ડો. મિથિલ આર.પટેલ
સ્ત્રી રોગના નિષ્ણાંત (MD D.G.O.)
સ્ત્રીરોગ અને પ્રસુતિની શ્રેષ્ઠ સારવાર માટે કલરવ હોસ્પિટલમાં સારવાર શા માટે ?
ફ્રી ડિલીવરી સિઝીરિયન ઓપરેશન
- સ્ત્રીરોગની શ્રેષ્ઠ સારવાર
- નોર્મલ ડિલિવરીને પ્રાથમિકતા
- નિ:સંતાન દંપતીની સારવાર દ્વારા પ્રેગ્નન્સી
- ક્રિટિકલ અને સિઝેરિયન ડિલિવરીની સારવાર ગર્ભાશય અને અંડાશયના
- રોગ માટે લેપ્રોસ્કોપી સર્જરી દ્વારા સારવાર.

કલરવ હોસ્પિટલ
કેરીયા રોડ, રેલ્વે ફાટક પાસે, અમરેલી. ● ફોન નં. (02792) 221322



માતૃશ્રી શાંતાબેન કોલેજ
એડમીશન ઓપન
B.A. B.Com. B.C.A. LL.B. LL.M. M.A.(SANSKRIT) B.Sc.
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, યુ.જી.સી.
ધો.૧૦-૧૨ NIOS માન્ય બોર્ડ કેન્દ્ર
માતૃશ્રી શાંતાબેન કોલેજ - દેરડી (કું)
કોન્ટેક્ટ નંબર : 94085 18418, 94097 30130
રાજકોટ ઓફીસ : શિવ એન્ટરપ્રાઇઝ
૨/૩, પુજા કોમ્પ. બાલાજી હોલ પાછળ, ૧૫૦ ફુટ રીંગરોડ, રાજકોટ.
મો.નં. 94275 57351



ડો. આકાશ આર. જાનિયા ડો. હિના એ. જાનિયા
હરસ મસા ફિશર
ની તપાસ તથા ઓપરેશન વગર અસરકારક આડઅસરરહિત સારવાર....
આ તકલીફમાં તમને નીચે મુજબના લક્ષણો જોવા મળે છે :
- ચીરા પડવા
- દુ:ખાવો થવો
- લોહી નીકળવું
- સોજો આવવો
- રસી/પરુ
- બળતરા થવી
- ખંજવાળ આવવી/ફોલ્લી થવી
- કબજિયાત અને લોહીનો બગાડ હોવાથી આ પ્રકારના રોગો થઈ શકે છે.



તા.૧૯-૭-૨૦૨૪ અને તા.૨૦-૭-૨૦૨૪ ના રોજ ફ્રી નિદાન તથા રાહત દરે દવા આપવામાં આવશે
મારુતિ ક્લિનિક
:: અમારા ક્લિનિકમાં સારવાર કરાવવાના ફાયદા ::
મળ - માર્ગની રીંગ કાપવાનો ભય રહેતો નથી
વધારે સમય આરામ કરવાની જરૂર રહેતી નથી
ગુદા નો કંટ્રોલ નોર્મલ રહે છે
9662635124
દુ.નં.૧૦, ગ્રાઉન્ડ ફ્લોર, લાઈફ લાઈન કોર્નર બિલ્ડીંગ, માણેકપરા મેઈન રોડ, નારી હોસ્પિટલની સામે, અમરેલી



SAMBHAAV HOSPITAL
સમભાવ ન્યુરોસાઇકીયાટ્રી કિલનીક
માનસિક રોગોના ખ્યાતી પ્રાપ્ત નિષ્ણાંત
ડો. અંકિત એચ. મોગા M.B., D.P.M. (Pcy.)
મગજ, માનસિક, મનોજાતિય અને વ્યસનમુક્તિના નિષ્ણાંત
ઉપલબ્ધ સુવિધાઓ
માથાનો દુ:ખાવો, આંચકી ને લગતા રોગો, વિચારવાયુને લગતા રોગો, ઉદાસી, ચિંતા, તણાવ, હતાશા, વધારે પડતો ગુસ્સો આવવો, ધુન રોગ, દ્વિધ્રુવીય રોગ, આપઘાતના વિચારો આવવા, બાળકોને લગતા માનસિક રોગ, વૃદ્ધાવસ્થાને લગતા માનસિક રોગ વગેરેની સારવાર
સોમ થી શનિ સવારે : ૧૦ થી ૧, સાંજે ૫ થી ૮
માણેકપરા, લાઇફ લાઇન કોર્નર સામે, ડો. ધડુક સાહેબની હોસ્પિટલની બાજુમાં, સ્વામિનારાયણ મંદિર રોડ, અમરેલી
અપોઇમેન્ટ માટે મો. ૭૫૬૭૨ ૭૬૩૬૯



ગોકુલ હોસ્પિટલ રાજકોટના નિષ્ણાંત ન્યુરો અને સ્પાઇન સર્જન આપણા અમરેલીમાં



ડો. પ્રતિક પટેલ
એમ.એસ., એમ.સી.એચ. (ન્યુરો સર્જરી)
નીચેની તકલીફો માટે બતાવવું
માથાનો દુ:ખાવો, ચક્કર આવવા, આંચકી આવવી - મગજની ગાંઠ, હેમરેજ
મગજમાં ઇજા, મગજની નસ ફાટવી
જન્મજાત માથામાં / વાસામાં રસોળી હોવી
કરોડરજ્જુની ઇજા - કમરનો દુ:ખાવો
સ્લીપ ડીસ્ક - એન્ડોસ્કોપી સ્કલબેઝ સર્જરી
ગરદનનો દુ:ખાવો - કરોડરજ્જુની ગાંઠ
હાથ પગનો દુ:ખાવો, લકવાની અસર થવી
ત્રાસી આંખ થઇ જવી, ચાલવામાં તકલીફ થવી
જન્મજાત માથુ મોટુ હોવુ, ઓછુ દેખાવુ
પીડીયાટ્રીક ન્યુરો સર્જરી
તારીખ ૧૭/૦૭/૨૦૨૪, બુધવાર ના રોજ મળશે
સમય : સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
સ્થળ :-
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ) ચીત્તલ રોડ, અમરેલી
અપોઈન્ટમેન્ટ માટે ફોન. (૦૨૭૯૨) ૨૨૩૩૧૬
મો. ૯૯૭૮૭ ૯૯૦૪૩



હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
મેડીકલ ઓફિસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
લેડીઝ તેમજ જેન્ટસ
: પગાર ધોરણ (ફ્રેશર માટે) :
રૂા. ૧૪,૦૦૦/- થી ૧૮,૦૦૦/-
અનુભવી માટે : રૂા. ૨૦,૦૦૦/- થી ૩૦,૦૦૦/-
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.
મળવાનો સમય : ૧૧ થી ૧૨, સાંજે ૫:૩૦ થી ૬:૩૦
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જૂના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.



LG Life's Good.
MONSOON BONANZA
Get LG's world class products with attractive rainy offers



ENJOY MONSOON OFFER
1 EMI FREE
FIXED EMI ₹999*
UPTO 26% CASHBACK
LG BEST SHOP
MUKUNDRAI AND BROTHERS
OPP. CAR CARE CENTER, CHAKAR GADH ROAD
AMRELI . 365601
Ph: 9408159606 / 9974772377



SHREE RMS HOSPITAL
શ્રી રાઘવેન્દ્ર મલ્ટિ-સ્પેશયાલીટી હોસ્પિટલ
કેરીયા રોડ, રેલ્વે અંડર બ્રીજ પાસે, અમરેલી. ફોન : ૦૨૭૯૨ ૨૨૯૫૮૦ | ૨૩૩૫૮૦
મો : ૬૩૫૩૧ ૧૩૦૭૨
- ઈન્ફર્ટીલીટી (વ્યંધત્વ)ની તપાસ, તથા પુરૂષ/સ્ત્રી બીજની સારવાર, અંડકોષની સારવાર.
- ગર્ભાશયની ખામી માટેની થતી દુરબીનથી તપાસ તથા સારવાર, IUI.
- 2D અને 3D સોનોગ્રાફી તથા બાળકની ખોડખાંપણની તપાસ.
- નોર્મલ તથા જોખમી (હાઈ રીસ્ક પ્રેગનેન્સી) પ્રસુતિની સારવાર.
- લેપ્રોસ્કોપી (Striker) (દુરબીન દ્વારા) કોથળી અને અંડાશયના ઓપરેશનની સુવિધા.
- ટાંકાવાળા તથા ટાંકા વગરનાં ગર્ભાશયની કોથળી તથા અંડાશયના ઓપરેશનની સુવિધા.



ડો. કેવલ આર. પંડયા
(M.B.,D.G.O.)
એડવાન્સ લેપ્રોસ્કોપી, સોનોગ્રાફી તથા ઇન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ